ઓગસ્ટ ૨૦૨૧

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫




કોઈ પણ ધર્મનું કિંચિત્‌માત્ર પ્રમાણ ન દુભાય એવી વાણી બોલવી એનું નામ સ્યાદ્‌વાદ.
દરેક વ્યૂ પોઈન્ટને દ્રષ્ટિમાં રાખે. એકથી ત્રણસોને સાઈઠ ડિગ્રી સુધીના વ્યૂ પોઈન્ટ છે ને
એ બધા વ્યૂ પોઈન્ટને દ્રષ્ટિમાં રાખે.

ભાવનગર : ત્રિમંદિરનું ખાતમુહૂર્ત : તા.૨૧ જૂન ૨૦૨૧



ધાંગધ્રા : ત્રિમંદિરનું ખાતમુહૂર્ત : તા.૨૨ જૂન ૨૦૨૧



અડાલજ : પૂજ્ય નીરુમાના જ્ઞાનદિવસની ઉજવણી : તા.૮ જુલાઈ ૨૦૨૧



વર્ષ : ૨૬, અંક : ૧૨
સળંગ અંક : ૩૧૨
**ઓગષ્ટ ૨૦૨૧**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2021,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :**(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
ભારત : ૬૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૫ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## સ્યાદ્વાદ - અનેકાંત

### સંપાદકીય

આપણે સહુ પ્રાત:વિધિમાં રોજ બોલીએ છીએ, કે પ્રાપ્ત મન-વચન-કાયાથી આ જગતના કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર પણ દુ:ખ ન હો... પણ દાદાશ્રી કહે છે કે આ કાળમાં સૌથી વધુ દુ:ખ વાણીથી અપાઈ જાય છે. એના નિવારણ માટે પણ આપણે રોજ નવ કલમોમાં શક્તિ માંગીએ છીએ, કે કોઈનો અહમ્ ના દુભાય એવી સ્યાદ્વાદ વાણી, સ્યાદ્વાદ વર્તન, સ્યાદ્વાદ મનન કરવાની શક્તિ આપો. પરંતુ શું આ સ્યાદ્વાદ શબ્દનો યથાર્થ અર્થ આપણને સમજણમાં આવ્યો છે ખરો ?

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) સ્યાદ્વાદ શબ્દની વિશેષ સમજણ આપતા જણાવે છે કે સ્યાદ્વાદ એટલે કોઈના પણ દ્રષ્ટિબિંદુને ખોટું ના ઠરાવે. દરેક દ્રષ્ટિબિંદુ, વ્યૂ પોઈન્ટનો સ્વીકાર કરે. દરેક સ્ટાન્ડર્ડ, દરેક ડિગ્રી, દરેક ધર્મને એક્સેપ્ટ કરે. એથી આગળ સ્યાદ્વાદ વાણી સંપૂર્ણ હોય. એ કોઈને હરકત ના કરે, કોઈના વિચારોને નુકશાન ન કરે, કોઈ જોડે મતભેદ પાડે નહીં. દરેકને અનુકૂળ આવે, દરેકની શ્રદ્ધાને સ્વીકારે. સ્યાદ્વાદ વર્તન એ કે જે મનનું હરણ કરે. સ્યાદ્વાદ મનન એટલે કોઈના વિચારોનું પણ પ્રમાણ ના દુભાવે. ટૂંકમાં સ્યાદ્વાદ એટલે દરેકના વ્યૂ પોઈન્ટ સાથે એડજસ્ટ થઈ સેન્ટરમાં રહેવું એટલે ૩૬૦ ડિગ્રી, તે એવી વાણી બોલે કે કોઈ ડિગ્રીનું પ્રમાણ ના દુભાય.

સ્યાદ્વાદ શબ્દને વધુ ઊંડાણમાં સમજાવતા દાદાશ્રી કહે છે કે સ્યાદ્વાદ એટલે એકમાં રહેવું અને જુદા જુદા ભાવે રહેવું, એટલે હોમ ડિપાર્ટમેન્ટમાં રહેવું, ફોરેનમાં નહીં. અને અંતે સ્યાદ્વાદ એટલે અમારી કોઈ દુકાન નહીં, 'બધું' તે અમારું અને નિશ્ચયથી અમારું તે અમારું. સ્યાદ્વાદ વાણી એટલે સૈદ્ધાંતિક વીતરાગ વાણી. વીતરાગ એટલે સ્યાદ્વાદ અને અનેકાંત. અનેકાંત એટલે આગ્રહી નહીં, નિરાગ્રહી વાણી. બધા દ્રષ્ટિબિંદુઓને પોતે સમાવી લે તે અનેકાંત વીતરાગ ધર્મ. સ્યાદ્વાદ વાણી જ્યારે સમજે, ત્યારે મોક્ષમાર્ગ હાથમાં આવે.

પ્રસ્તુત અંકમાં દાદાશ્રીની સ્યાદ્વાદ વાણીની ઝીણવટ દૃષ્ટિગોચર થાય છે. તેની અદ્‌ભુતતા અનુભવતા હૃદય અહો ભાવથી ગદ્ ગદ્ થઈ જાય છે. દાદાશ્રીએ જુદા જુદા વેલ્ડીંગ સાથે સ્યાદ્વાદ શબ્દની છણાવટ આપી છે, જે પ્રેક્ટિકલી નિર્દોષ દ્રષ્ટિ કેળવવા ખૂબ મદદરૂપ બનશે. આત્માર્થ સિવાય અન્ય કશા માટે નથી નીકળી, એવી અલૌકિક સ્યાદ્વાદ વાણી યુગો યુગો સુધી મોક્ષમાર્ગના પથને અજવાળશે. મહાત્માઓ હવે આપણે વ્યૂ પોઈન્ટમાં શક્તિઓ વેડફ્યા વગર આ નિશ્ચય-વ્યવહાર બન્નેને પ્રતિપાદિત કરતી વચનબળવાળી સ્યાદ્વાદ વાણીનો અભ્યાસ કરી સ્યાદ્વાદ વાણીના મર્મને પામીએ એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# સ્યાદ્વાદ - અનેકાંત

## આધ્યાત્મિક પ્રગતિની પારાશીશી

**પ્રશ્નકર્તા :** આધ્યાત્મિક સ્ટડી કરનારો એ પૂર્ણતાએ પહોંચ્યો, એની કેવી રીતે ખબર પડે ?

**દાદાશ્રી :** બીજુ તો કંઈ નહીં પણ એની વાણી ઉપરથી ખબર પડે કે કેટલા અવતાર બાકી રહ્યા છે ! કારણ કે વાણી એ અવતાર કેટલા બાકી છે એ દેખાડનારું સાધન છે. એ સ્થૂળ વાણી છે, સૂક્ષ્મ વાણી છે, સૂક્ષ્મતર છે, સૂક્ષ્મતમ છે, એમાં કયા પ્રકારની વાણી છે ? એટલે વસ્તુસ્થિતિમાં કઈ વાણી છેલ્લી કહેવાય ? બધા ધર્મવાળા બેઠા હોય, પણ કોઈનેય દુઃખ થાય એવી પક્ષપાતી વાણી ના હોય ત્યારે એક-બે-ત્રણ અવતારમાં એ મોક્ષે જઈ શકે અને જ્યાં સુધી પક્ષપાતી છે ત્યાં સુધી મોક્ષને માટે હજુ સો અવતારેય ઠેકાણું નથી.

એની વાણી વીતરાગ હોય, વાત વીતરાગ હોય, વર્તન વીતરાગ હોય. એની દરેક બાબતમાં વીતરાગતા હોય. કોઈ ગાળ ભાંડે તોય વીતરાગતા અને કોઈ ફૂલાં ચઢાવે તોય વીતરાગતા હોય. એની વાણી સ્યાદ્વાદ હોય એટલે કે કોઈ ધર્મનું, કોઈ જીવનું પ્રમાણ ના દુભાય.

કો'ક પેલો ગાળો ભાંડે તો સ્યાદ્વાદ શું કહે છે ? એ ગુનેગાર નથી, એવું એને જ્ઞાન આપે સ્યાદ્વાદ. શું જ્ઞાન આપે ? સામો માણસ ગાળો ભાંડે છે, તો સ્યાદ્વાદ શું કહે છે, કે એ એનું દૃષ્ટિબિંદુ છે. શું છે ?

**પ્રશ્નકર્તા :** ગાળો ભાંડનારનું દૃષ્ટિબિંદુ છે.

**દાદાશ્રી :** હા... એટલે તમારો ગુનો છે એ. એના દૃષ્ટિબિંદુમાં જેવું દેખાય એવું જ બોલે માણસ.

## સમજીએ વીતરાગોનું સ્યાદ્વાદ

વાણીનું એવું છે કે એ બે વ્યુપોઈન્ટ 'એટ-એ-ટાઈમ' ના બતાવી શકે. એટલે વ્યક્ત કરવા બીજું વાક્ય બીજી વખત બોલવું પડે. 'દર્શન'માં 'એટ-એ-ટાઈમ' સમગ્ર રીતે જોઈ શકાય, પણ તેનું વર્ણન કરવું હોય તો કોઈ પણ માણસ 'એટ-એ-ટાઈમ' વ્યક્ત ના કરી શકે. તેથી વાણી સ્યાદ્વાદ કહેવાય છે.

વાણીમાં નેગેટિવ અને પોઝિટિવ, એ બે એકી સાથે બોલી શકાય નહીં. એકી સાથે બોલે તો કાં તો નેગેટિવ બોલે તો પોઝિટિવ અધુરું રહી જાય અથવા પોઝિટિવ બોલે તો નેગેટિવ અધુરું રહી જાય. એટલે એકી સાથે ના બોલાય ને ! એટલે પછી વીતરાગોથી કહેવું પડ્યું કે જગત અનાદિ-અનંત છે ! પોઝિટિવ ને નેગેટિવ સાથે ના બોલાયું, એટલે આવું અનાદિ-અનંત કહેવું પડ્યું !

સ્યાદ્વાદ એટલે શું કહેવા માગે છે ? શબ્દો આપણો ભાવ પૂર્ણપણે દર્શાવી શકતા નથી. એક શબ્દથી આપણે બે ભાવ બતાવી શકતા નથી. બેઉ ભાવ બતાવવાની ઈચ્છા હોય તોય નહીં. એટલે શબ્દ પછી લઢશે બધા. માટે બને એટલું ઓછું બોલો. અને બહુ જરૂરનું હોય તો લખીને આપવું. એમાં બધા ભાવ બતાવી શકાય. આગળનું વાંચવાનું અને પાછળનું વાંચવાનું. અને બોલવામાં તો એક શબ્દમાં બે ભાવ હોઈ શકે નહીં. એટલે ભગવાન 'સ્યાદ્વાદ' બોલ્યા. અને મેં કહ્યું કે 'આ બોલે છે એ બધી ટેપરેકર્ડો !'

મામાનો છોકરો ભાઈ થતો હોય ને કોઈ રીતે સાળો પણ થતો હોય, તો એટ-એ-ટાઈમ બે ના બોલાય. એટલે એક જ વસ્તુ બોલવી પડે. બે સાથે કેવી રીતે બોલાય ?

**પ્રશ્નકર્તા :** એ શક્ય જ નથી.

**દાદાશ્રી :** એટલે આ સ્યાદ્‌વાદ તો ભગવાને એટલા માટે મૂકેલું કે આત્મા કર્તા છે ! તો કહે કે કોઈ અપેક્ષાએ કર્તા પણ છે અને કોઈ અપેક્ષાએ કર્તા નથી. સ્યાદ્ અસ્તિ, સ્યાદ્ નાસ્તિ.

**પ્રશ્નકર્તા :** સ્યાદ્ અસ્તિ, સ્યાદ્ નાસ્તિ અને અંગ્રેજીમાં ઈન્ડીસિસન કહેવાય, અનિર્ણય કહેવાય ?

**દાદાશ્રી :** અનિર્ણય એ તો છે જ, પણ એ અનિર્ણયનો સવાલ નથી. પણ આત્માને કર્તા કહેવો છે અને આત્મા ખરી રીતે છે અકર્તા. છતાં કહેવો પડે છે કર્તા. એટલે ભગવાને આ સ્યાદ્‌વાદ મૂકેલું. આ અપેક્ષાએ આત્મા કર્તા છે અને આ અપેક્ષાએ કર્તા નથી.

કોઈ પણ માણસ એક જ શબ્દમાં બધી રીતે વ્યક્ત ના કરી શકે. એટલે અમારા શબ્દ એવા લાગે અને ભગવાનના શબ્દેય તેથી એવા લાગતા હતા. હવે લોકોએ આ સમજવું જોઈએ ને ! એટ-એ-ટાઈમ બન્ને વાત વાણી વ્યક્ત ના કરી શકે. એ તમને સમજાયું બધું ? તેથી સ્યાદ્‌વાદ કહેવાય છે ને !

**પ્રશ્નકર્તા :** વાણી આંશિક હોવાને લીધે સમગ્ર દર્શન કરી શકતી નથી, એ આંશિક દર્શન છે.

**દાદાશ્રી :** હા. જો સમગ્ર કહ્યું તો તો કામ જ થઈ જાય ને !

તીર્થંકર ભગવાનની સ્યાદ્‌વાદ વાણી હતી. અને આ લોકો શું કહે છે ? અમારું સાચું ને તમારું ખોટું ! એ બધી સ્યાદ્‌વાદ વાણી નહીં. એકાંતિક કહેવાય, એ આગ્રહ કહેવાય, દુરાગ્રહ કહેવાય.

એટલે આ તો નગ્ન સત્ય બોલીને ઊભા રહે, હડહડાટ.... વીતરાગોનું સ્યાદ્‌વાદ સમજે તો કશું સમજવાનું બાકી રહેતું નથી. કારણ કે વીતરાગ એટલે કોઈની જોડે કંઈ લેવાદેવા છે જ નહીં એવા પુરુષનું સ્યાદ્‌વાદ.

## કોઈનું પ્રમાણ ના દુભાય તે સ્યાદ્‌વાદ

**પ્રશ્નકર્તા :** સ્યાદ્‌વાદ એટલે શું ?

**દાદાશ્રી :** સ્યાદ્‌વાદ એટલે કોઈનું પ્રમાણ ન દુભાય તે. અત્યારે અહીં આગળ એંસી વર્ષના કાકા હોય તેમને કહીએ કે 'જલદી ચાલોને, કેવા મૂરખ માણસ છો !' તે એમનું પ્રમાણ દુભાયું કહેવાય. અને વીસ વર્ષનો જવાન ધીમે ચાલતો હોય, તો 'જલદી ના ચાલો' કહીએ તોય ગુનો કર્યો કહેવાય. એટલે કોઈ જાતનું પ્રમાણ ના દુભાવું જોઈએ. એનું નામ સ્યાદ્‌વાદ.

બે વર્ષનો નાનો બાબો હોય એ કપડાં પહેર્યા વગર ફરતો હોય તો એને વઢીએ કે 'કપડાં પહેર' તો એનું પ્રમાણ દુભાય. કારણ કે એને કપડાં વગર ફરવાની છૂટ છે. અને ચાલીસ વર્ષનો કોઈ માણસ કપડાં પહેર્યા વગર ફરતો હોય તો ?

**પ્રશ્નકર્તા :** વાંધો ઉઠાવે.

**દાદાશ્રી :** એવું પદ્ધતિસરનું હશે ને, બધું ? નાનું છોકરું નાગું ફરતું હોય તે એનો ધર્મ છે, એટલે કોઈ વાંધો ઉઠાવે નહીં. એટલે ધર્મ જુદા જુદા હોવા જોઈએ. બાળકનો ધર્મ, યુવાનનો

ધર્મ, પછી એથી આગળ ચાલીસ વર્ષની ઉંમરનાનો ધર્મ, સાઠ વર્ષનાનો ધર્મ, સિત્તેર વર્ષનાનો ધર્મ, નેવું વર્ષનાનો ધર્મ, બધાના જુદી જુદી જાતના ધર્મ હોય. પણ કોઈ ધર્મનું પ્રમાણ ના દુભાવું જોઈએ.

## દરેક દૃષ્ટિબિંદુને સ્વીકારે એ સ્યાદ્‌વાદ

એટલે આ ધર્મ છે ને, તે બધા મનુષ્યે મનુષ્યે જુદા જુદા છે. જેટલા દૃષ્ટિબિંદુ છે એટલા બધા ધર્મ છે. પછી આ બધા ભેગા થઈને એક ધર્મ આરાધે પણ તોય દૃષ્ટિબિંદુ બધાનું જુદું પાછું. એ કોઈનું દૃષ્ટિબિંદુ દુભાય નહીં એનું નામ સ્યાદ્‌વાદ.

દરેકનું દૃષ્ટિબિંદુ છે. કોઈનું ખોટું છે જ નહીં, દરેક પોતાની દૃષ્ટિથી સાચા જ છે.

અહીં ધોળે દહાડે અહીંથી પાંચસે ફૂટ છેટે ફર્સ્ટ ક્લાસ ધોળો ઘોડો ઊભો રાખ્યો હોય. અને વારાફરતી એક-એક જણને બોલાવી અને અહીં રહીને કહીએ, 'ભઈ, પેલું શું દેખાય છે ?' ત્યારે એક કહે છે, 'ઊભા રહો, મને ચશ્મા પહેરવા દો.' ત્યારે હું કહું, 'ચશ્મા પહેરીને બોલ.' પછી એ કહેશે, 'એ દેખાય છે, તે બળદ જેવું દેખાય છે.' બીજો એક જણ ગધેડા જેવું કહે. ત્રીજો બીજું જ કંઈક કહે. અને હોય ધોળો ઘોડો. તે આપણે જો વઢીએ કે 'મારા ઘોડાને તું બળદ કેમ કહે છે?' એ કોની ભૂલ ?

**પ્રશ્નકર્તા :** આપણી જ ભૂલ ને !

**દાદાશ્રી :** હા, આપણી જ ભૂલ. એને દેખાતું નથી બિચારાને, તો એ શું કરે બિચારો ? એને દેખાતું હોય તો એ આવું બોલે જ નહીં ને ! અને દેખાતું નથી એમાં એનો શો દોષ બિચારાનો ?

સ્યાદ્‌વાદ એટલે શું ? કોઈના દૃષ્ટિબિંદુને હેરાન ન કરે કે આઘાત ન કરાવડાવે કે 'તું ખોટો છે, આમ છે, તેમ છે' ને બધા વ્યૂ પૉઈન્ટને સ્વીકાર કરે. અમે દરેકના દૃષ્ટિબિંદુને એક્સેપ્ટ કરીએ. કારણ કે એના દૃષ્ટિબિંદુ પ્રમાણે એ સાચું હોય છે જ. વધતું-ઓછું, થોડુંક કંઈક અંશે પણ સાચું હોય જ. એ ઉડાડી દઈએ તો ગુનો કહેવાય. તદ્દન ખોટું તો કોઈનું હોય જ નહીં ને ! એટલે દરેકના દૃષ્ટિબિંદુને એક્સેપ્ટ કરે છે એ સ્યાદ્‌વાદ.

## બધાના વિચારોને સાંભળે તે સ્યાદ્‌વાદ

**પ્રશ્નકર્તા :** તમે એમ કહો છો કે અમે આને એક્સેપ્ટ કરીએ, આને એક્સેપ્ટ કરીએ, આને એક્સેપ્ટ કરીએ પણ આ 'એક્સેપ્ટ'નો અર્થ શો ?

**દાદાશ્રી :** 'એક્સેપ્ટ'નો અર્થ એવો છે કે અમે એકડો, બગડો, ત્રગડો, ચોગડો, બધાને સરખા ના કહીએ. ને સુડતાલીસ પછી અઠ્ઠાણું બોલાય નહીં. એટલે આપણે સુડતાલીસને એક્સેપ્ટ કરીએ, અડતાલીસને એક્સેપ્ટ કરીએ, બધાને એક્સેપ્ટ કરીએ. કારણ કે એ તો એકના આધારે બીજું રહ્યું છે ને ?

સ્યાદ્‌વાદ તો લોકો સમજતા જ નથી. સ્યાદ્‌વાદ એ વસ્તુ જુદી છે.

**પ્રશ્નકર્તા :** તો પછી એ માગે તો ફેક્ટ બતાવવું જ પડે ને ?

**દાદાશ્રી :** હા, પછી એ માગે તો કહેવાય. હકીકત માગે તો કહેવી જ પડે.

**પ્રશ્નકર્તા :** એટલે સ્પષ્ટતા તો કરવી જ પડે ને ?

**દાદાશ્રી :** હા, કરવી જ પડે ને ! સ્પષ્ટતા

ના કરે તો ચાલે નહીં ને ! એવું છે ને, માણસ એકાંતિક જ હોય છે. પોતાના જે વિચારો છે તે જ સાચા લાગે છે ને બધાના વિચારોને એ એક્સેપ્ટ કરે નહીં. જ્યારે સ્યાદ્વાદ એટલે કોઈના વિચારને સહેજ નુકસાન ન કરે.

સ્યાદ્વાદ શું કહે છે ? પોતાનું જે કંઈ પદ હોય તે ભૂલીને સામાની વાત સાંભળજે.

સ્યાદ્વાદ તો બધાના વિચારોને સાંભળે, ચોર ચોરી કરીને આવ્યો હોય તોય એની વાત સાંભળે. ત્યાં જો ઘૃણા સેવે તો સ્યાદ્વાદ નથી. તમે ખરા ચોરને ખાનગીમાં બેસાડીને પૂછો ત્યારે એ કહેશે, 'ભઈ, હું મારો ધર્મ પાળું છું, એમાં તમે શું કરવા ડખલ કરો છો ? મારો ધંધો છે આ.' ચોર એવું કહે ને, કે મારો ધંધો છે, કે ના કહે ?

**પ્રશ્નકર્તા :** કહે જ.

**દાદાશ્રી :** અને એને આપણે કહીએ કે 'અલ્યા, શું કરવા કરે છે ?' ત્યારે એ કહે, 'મને પ્રેરણા ભગવાન આપે છે.' હવે એને શું કરવાનું ? એનું માનવું કે ના માનવું ?

અને ચોરીની જરૂર છે કે દાન આપનારની જરૂર છે ? જરૂર શેની ?

**પ્રશ્નકર્તા :** બન્નેની.

**દાદાશ્રી :** ચોરની કઈ અપેક્ષાએ જરૂર છે અને આ દાનેશ્વરીની કઈ અપેક્ષાએ જરૂર છે ?

આ બધા સારા ગુણો છે ને, તે આ અહીં નળમાંથી પાણી આવે છે ને, એના જેવું છે. એ સારા ગુણો પાણી આવતામાં જાય છે અને ખરાબ ગુણો છે તે આ ગટરમાં જાય છે. હવે ગટર ના હોય તો શહેરની શી સ્થિતિ થાય ?

**પ્રશ્નકર્તા :** ગંદવાડો થઈ જાય.

**દાદાશ્રી :** રોગથી બધા મરી જાય. માટે ગટર તો પહેલી જોઈએ, અને પછી પાણીના નળ લાવો. તે આ ચોર લોકો, લુચ્ચા લોકો, બદમાશો ના હોય ત્યાં સુધી સંસાર રૂપાળો થાય નહીં, એ જ આ સંસારને લેવલમાં રાખે છે અને ગંદવાડો ઊભો નથી થવા દેતું. હવે ગટર આપણે ઉઘાડીને મહીં સોડીએ તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** ગંધ મારે.

**દાદાશ્રી :** તો એ ગટર એમ નથી કહેતી કે 'તમે ઉઘાડીને સોડો.' તો આપણે ચોરને, એ લોકોને સોડવા જઈએ તો શું થાય ? માટે એ ગટર છે એમ સમજી લેવું આપણે. અને એની જરૂરિયાત છે એટલે દ્વેષ ના રહે એની પર. અને આ જે દાન આપે છે તે 'પાણી આવે' તેવા છે. તે ત્યાંયે 'હોલ' ના પાડવું જોઈએ, તેની જરૂરિયાત છે.

## સ્યાદ્વાદ દરેક વ્યૂ પોઈન્ટને દૃષ્ટિમાં રાખે

**પ્રશ્નકર્તા :** દાદા, હજુ સ્યાદ્વાદની વિગતમાં સમજણ આપશો.

**દાદાશ્રી :** સ્યાદ્વાદ એટલે શું ? કોઈ પણ ધર્મનું કિંચિત્‌માત્ર પ્રમાણ ન દુભાય એવી વાણી બોલવી એનું નામ સ્યાદ્વાદ. કોઈના ધર્મ ઉપર દુઃખ ના થાય એવી જે વાણી બોલે એને સ્યાદ્વાદ વાણી કહેવાય. દરેક વ્યૂ પોઈન્ટને દૃષ્ટિમાં રાખે. એકથી ત્રણસોને સાંઈઠ ડિગ્રી સુધીના વ્યૂ પોઈન્ટ છે ને એ બધા વ્યૂ પોઈન્ટને દૃષ્ટિમાં રાખે.

**પ્રશ્નકર્તા :** કોઈ પણ ધર્મનું પ્રમાણ કિંચિત્‌માત્ર ન દુભાય એટલે કેવી રીતે ?

**દાદાશ્રી :** હા, અત્યારે કોઈ મુસ્લિમ હોય ને, મુસ્લિમને દુભાય તો મારી સ્યાદ્વાદ વાણી નહીં. અગર તો કોઈ સ્થાનકવાસી, દિગંબરી હોય, એનું દુભાય તો સ્યાદ્વાદ ના કહેવાય. કોઈનું દુભાવું ના જોઈએ. અને સીધી એને કામ લાગે એવી જ વાણી હોવી જોઈએ. તે અમારી સ્યાદ્વાદ હોય. તેથી દરેકને અનુકૂળ આવે. ગમે તે ધર્મ પાળતો હોય તોય અનુકૂળ આવે, સ્યાદ્વાદ વાણી. ભગવાનની સ્યાદ્વાદ વાણી સંપૂર્ણ હતી. અમારી સ્યાદ્વાદ વાણી અમુક અંશે અધૂરી છે. તોય એને પ્રમાણ ના દુભાય. એક્ઝેક્ટ એને મળતું આવે બધું.

અહીં અમારે એવો વિરોધ નથી કે તમે આમ કેમ કર્યું ? કો'કની જોડે એ કમ્પેર, કોન્ટ્રાસ્ટ કરી શકાય એવી વસ્તુ નથી. અને કમ્પેર, કોન્ટ્રાસ્ટ કરવા જાય તો બહુ મુશ્કેલીમાં સપડાય માણસ.

આ વિજ્ઞાન તો સ્યાદ્વાદ વિજ્ઞાન છે. સ્યાદ્વાદ એટલે ગમે તે માણસ હોય ને, મુસ્લિમ હોય, હિન્દુ હોય તેનેય આ વાત સમજાય. ચોર, બદમાશ, ડાકુ કોઈ પણ હોય તેને આ વાત સમજાય. કારણ કે આત્મા હોવો જોઈએ, દેહધારી હોવો જોઈએ અને મનુષ્યરૂપે હોવો જોઈએ. અહીં વાતાવરણની અસર કેટલી બધી સુંદર હોય ! તે છોડે કે કોઈ ? એ વાતાવરણ જ ઓર જાતનું હોય !

સ્યાદ્વાદ એટલે અહીં આગળ બધા ધર્મવાળા બેઠા હોય, અને હું બોલું તો કોઈને એમ ના લાગે કે આ દાદા અમુક ધર્મના પક્ષપાતવાળા છે, નિષ્પક્ષપાતી હોય. એટલે જ્ઞાનીની સ્યાદ્વાદ વાણી હોય. એ અહંકાર ગયા પછી હોય.

સ્યાદ્વાદ એટલે કોઈની જોડે સહેજેય મતભેદ નહીં. તમારુંય કરેક્ટ છે, આમનુંય કરેક્ટ છે, પેલાનુંય કરેક્ટ છે અને કઈ દૃષ્ટિએ કરેક્ટ છે તે પાછું જાણે. તો જ સ્યાદ્વાદ ! નહીં તો આ લોક તો કહે છે ને, કે 'આ બધાનું સાચું છે.' એ ના ચાલે. પેલુંય ના ચાલે. કઈ દૃષ્ટિએ સાચું છે અને કઈ દૃષ્ટિએ એ બરોબર છે, કઈ દૃષ્ટિએ પેલા બરોબર છે, એવું બધું જે જાણે છે તે સ્યાદ્વાદ !

## કષાય ના ચઢે તે સ્યાદ્વાદ

આ અક્રમ વિજ્ઞાન છે ! આ ઓર જ જાતનું વિજ્ઞાન છે ! આ તો સાયન્ટિફિક વિજ્ઞાન છે ! સાયન્ટિફિક એટલે સૈદ્ધાંતિક એટલે બધા લોકોને માન્ય કરવું પડે. ફોરેનવાળાને, અહીંવાળાને, બધાને. હમણે એમને એકે એક શબ્દ માન્ય કરવો પડે ને ! કારણ કે આ તો વિજ્ઞાન છે. અને એ તો એક જ માર્ગવાળો બીજા માર્ગવાળાને કહે તો કષાય ચઢે. શું ચઢે ?

**પ્રશ્નકર્તા :** કષાય ચઢે બીજાને.

**દાદાશ્રી :** અને આ તો બધા માર્ગવાળાને કહે તો વાંધો નથી. કષાય ના ચઢે ને સ્યાદ્વાદ કહેવાય આ તો. હમણે ગમે તે ધર્મવાળા અહીં આવે ને, તો વાંધો નહીં ને !

જો સ્યાદ્વાદ હોય તો તે કોઈને હરકત ના આવે અને જો એકાંતિક છે, તો બીજાને હરકત આવશે. એટલું તો આપણને સમજમાં આવે જ ને ?

એટલે આપણને જે અનુકૂળ લાગે તે કરો. કાં તો આ એક જ જગ્યાની દવા પીવો. કાં તો તમે ત્યાંની પીયા કરો, એ તમને માફક આવી હોય તો. અને વખતે એમ માનો કે ત્યાંથી માફક

ના આવે એવું થાય તો મારે શું કરવું ? એવું પૂછો તો પછી કહીએ કે અહીં આવજો. અહીં વાંધો નથી. અહીં તમને જ્યાં જઈને આવો તો વાંધો નથી. અહીં તો જ્યારે આવો ત્યારે એડમિટ બધાને. અહીં કંઈ બીજું પાછલું કશું જોવામાં નથી આવતું. તમે જે કરતા હોય તે, આપણે તો જે તે રસ્તેય ઉકેલ લાવવો છે ને ? આપણે તો આ કંઈ ધર્મ ઓછો છે ? એવું સ્થાપન નથી કે મંડાણ નથી કે ખંડન નથી. એટલે તમે જે કરતા હોય તે કરતા હોય ને ત્યાં ના ફાવો તો અહીં આવજો, આ ઘર તમારું છે. પણ ક્રોધ-માન-માયા-લોભ જાય તો જાણવું કે આપણો ઉકેલ આવ્યો છે. એટલે એનો રસ્તો જાણવો પડે, આમ ગૂંચાયા કરવું તેના કરતાં ! બે માર્ગ એ કંઈ એટ-એ-ટાઈમ થાય નહીં ને !

### બુદ્ધિના જવાબો, જન્માવે વિવાદો

**પ્રશ્નકર્તા :** દરેકને પોતાનું 'હું' પદ હોય, 'હું કહું' એ જ સાચું એમ તો હોય ને ?

**દાદાશ્રી :** અને પછી વિખવાદ થાય.

**પ્રશ્નકર્તા :** એટલે લોકો ભ્રાંતિમાં પડી ગયા છે કે આમાં સાચું શું ?

**દાદાશ્રી :** તે સાચું ક્યાં હોય ? જ્યાં વાદ-વિવાદ ના હોય ત્યાં સાચું હોય. જ્યાં વાદ-વિવાદ હોય, ત્યાં તો કાગડા લડે એવો કુસંગ કહેવાય એ. જ્યાં સત્સંગ હોય, પણ ત્યાં પૂછાપૂછમાં વાદવિવાદ ઊભા થાય તો જાણવું કે અહીં કશો લાભ નથી.

આ સંવાદી ન હોય, આ વાદ-વિવાદ ન હોય. બુદ્ધિનો બધો ભાગ એ વાદ-વિવાદ કહેવાય. વાદ-વિવાદ એટલે એ બોલે તેની પર પાછો હું વિવાદ કરું. પછી વિવાદ ચાલે, ચર્ચા ચાલે. એક જ પ્રશ્નનો જવાબ બુદ્ધિથી આપવામાં આવે તો ચર્ચા ચાલે.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિથી જવાબ અપાયેલો હોય તો વિવાદ થાય જ.

**દાદાશ્રી :** સામાની બુદ્ધિ ઊભી થઈ જાય. તે આ તલવાર લીધી ત્યારે હુંય તલવાર લઉં. હું બુદ્ધિથી જવાબ નહીં આપવાનો ને, એટલે ચૂપ ! બુદ્ધિથી બોલાય નહીં, તો આમાં હેલ્પીંગ થાય, મૂળ રસ્તા તરફ જવામાં હેલ્પીંગ થાય.

બુદ્ધિ વાદ-વિવાદવાળી હોય. તમે બુદ્ધિની વાત બોલો તો બીજો પેલો વાદ કરશે કે 'જા, આમ ના હોય, પણ આમ હોય.' અને આ જ્ઞાનની વાતમાં વાદ ના કરે.

એક્ઝેક્ટ આત્મા જ કબૂલ કરવો જોઈએ. ત્યારે કહે, 'બહાર આત્મા કબૂલ કરે છે ને ?' ના. એ તો મન કબૂલ કરે છે, ત્યાં તો આત્મા કબૂલ કરે જ નહીં. આત્મા જાગૃત જ ના થાય. આત્મા જ્ઞાનીની હાજરીમાં જ જાગૃત થાય, નહીં તો થાય જ નહીં. અને અમે જ્ઞાનમાં જોઈને બોલીએ છીએ, નિર્વિકલ્પ દશામાં, નિર્વિચાર દશામાં.

અહીં તો લાખ માણસ બેઠા હોય ને, તો એ બધાને એક્સેપ્ટ કરવી પડે, આ વાતને. પછી કોઈને જાણીજોઈને આડું બોલવું હોય તો મને કહે કે મારો આત્મા કબૂલ કરતો નથી. ત્યારે હું કહું કે મારી ભૂલ થઈ. તારી પાસે વાત કરી, એ જ મારી ભૂલ થઈ. શાથી એવું કહું હું ? એનો આત્મા કબૂલ કરે તોય આડું બોલે એવા આડા ખરા કે નહીં ? એવા હોય ને કે આડું બોલે પાછું ?

જો અમારા વાદ ઉપર વિવાદ થશે, સામો

માણસ વિવાદ કરવા ફરશે તો એ માર ખાશે. મારે કંઈ મારવો નથી, એના કર્મો એને માર ખવડાવશે.

**પ્રશ્નકર્તા :** તો આ બધા વાદ-વિવાદ ક્યાંથી આવ્યા, જો ઓટોમેટિક બન્યું તો ?

**દાદાશ્રી :** વાદ-વિવાદ એ તો ઈગોઈઝમના. બે ઈગોઈઝમ લઢે, એનું નામ વાદ-વિવાદ.

ફોડ ના પડે તો વાદ-વિવાદ ચાલ્યા કરે. તેનું નામ જ સંસાર આ. પઝલ સોલ્વ કરતાં આવડ્યું એટલે નિરાંત !

## આવરણભેદક વાણી

જુઓ ને, અજાણ્યા માણસ હોય છે તોય પણ અહીં આગળ વિવાદ કરતા નહોતા. કારણ કે આ સાચું જ હોય, એક્ઝેક્ટ હોય. ગમે તે કોઈ અજાણ્યો માણસ હોય તોય આમ કહે, કે કરેક્ટ છે. પછી એને સ્વીકાર કરવું-ના કરવું એની મરજીની વાત છે. કરવું-ના કરવું, એની પ્રકૃતિ કહે તેવું કરે.

આ વાણી તો તરત આવરણ ભેદી અને આત્માને પહોંચાડી દે છે. આવરણભેદક વાણી કહેવાય છે આ. તે તરત જ સીધી પહોંચાડી દે ને તરત કબૂલ કરી દે. વિવાદ ના કરે અને પેલું તો વાદ-વિવાદ ને તોફાન! અને વાદ-વિવાદ હોય ત્યાં ધર્મ ના હોય. એ તો માથાફોડ કહેવાય. એ કાગડાની સભા કહેવાય, પરમહંસની સભા જોઈએ. ચાંચ બોળતાની સાથે આમ આ બાજુ દૂધ થઈ જાય ને આ બાજુ પાણી થઈ જાય. બેઉનો ભેદ પડી જાય.

અને આત્મા-પરમાત્માની વાત, એ તો પરમહંસો માટેનું કામ. અહીં બીજું કશું હોય નહીં. આત્મા-પરમાત્માની વાત એકલી નીકળે, એવી કોઈ જગ્યાએ હોય નહીં. જ્યાં આગળ એકલી આત્મા ને પરમાત્માની વાત હોય, ત્યાં દેવલોકો હઉ પધારે.

બીજે બધે હંસની સભા કહેવાય, પરમહંસની નહીં. એટલે આમ ખોટામાંથી છોડાવડાવે ને સારું કરો. દાન આપો, ફલાણું કરો, આમ કરો, ક્ષમા રાખો, દયા રાખો, શાંતિ રાખો, એવું બધું રાખવાનું કહે કહે કર્યા કરે. એ બધું શેને માટે રાખવાનું ? શુભને માટે. એ બધી હંસની સભા કહેવાય. ત્યાં બધે આત્માની વાત ના હોય. આત્મા માટેના સાધનની વાત હોય. આત્માની પ્રાપ્તિ કરવાના સાધનોનો માર્ગ હોય અને આ સાધ્યમાર્ગ છે, જ્યાં આત્મા-પરમાત્માની વાત હોય.

પછી હંસની સભાથીય ઉતરતો સંગ હોય, એ કાગડાઓનો સત્સંગ કહેવાય. જરા કશુંક થાય તો કાઉ કાઉ કરી મૂકે. એવું સત્સંગમાં થાય કે ના થાય ?

**પ્રશ્નકર્તા :** થાય.

**દાદાશ્રી :** પેલો આમ કહે, તો બીજો આમ કહે.

આ ત્રણ પ્રકારના સત્સંગ મોટા. બીજા નાના સત્સંગ તો પાર વગરના થવાના. કાગડાનો સત્સંગેય મોટો કહેવાય.

## વાદ પર વિવાદ નહીં એ જ સિદ્ધાંત

**પ્રશ્નકર્તા :** વાદ-વિવાદ કરે તો 'સાચું શું છે' એ જાણવા મળે ને, નહીં તો હું મારું ડહાપણ કર્યા કરું.

**દાદાશ્રી :** પણ એ ડહાપણ કામનું નહીં.

હવે અહીં પણ જો વચ્ચે પોતાનું ડહાપણ છોડી દે, તો જ્ઞાની બોલે તે સાચી જ વાત હોય. કારણ કે જ્ઞાની તો નિર્વિવાદ વસ્તુ હોય. અમારી જોડે વિવાદ જ કોઈએ કર્યો નથી. આ તો જ્ઞાનીનો શબ્દ તદ્દન સાચો જ પડે છે. પણ પોતાની જે પકડ છે ને પોતાની જે માન્યતા છે, તે એક વાર તો સમજમાં બેસવા જ ના દે.

**પ્રશ્નકર્તા :** હું અહીં વાદ-વિવાદ કરવા નથી આવ્યો, સમજવા માટે આવ્યો છું.

**દાદાશ્રી :** અહીં વિવાદ હોતો જ નથી. મારી જોડે કોઈ માણસે વિવાદ કર્યો જ નથી. કારણ કે વિવાદ ક્યાં થાય કે જ્યાં બુદ્ધિ હોય. તે મારામાં બુદ્ધિ જ નથી બિલકુલ, પછી વિવાદ તમે કેવી રીતે કરો ? મારામાં એક સેન્ટ પણ બુદ્ધિ નથી ને હારીને બેઠેલો છું. અહીં કોઈ વાદ-વિવાદ કરવા આવતું નથી. કુદરત એવા માણસોને અહીં મોકલતી જ નથી. કારણ કે આ તો વાદ-વિવાદની જગ્યા જ ન હોય. જ્ઞાની પુરુષનું વાક્ય એટલે ત્રિકાળ સત્ય કહેવાય, એક-એક વાક્ય! ત્રણેય કાળ સાચો હોય એ શબ્દ ! આ જેટલું જ્ઞાનમાં બોલ્યા ને, એ બધી વાત ત્રિકાળી સત્ય હતી. એટલે આ અલૌકિક વસ્તુ છે. જેને ઈન્ટરેસ્ટ હોય, તે લાભ ઉઠાવે તો બહુ સારો ફાયદો થાય એને. બાકી જગત આખું લૌકિકમાં પડેલું છે અને આ બધી વાત અલૌકિક છે, વિવાદ વગરની છે.

અહીં વાત સાંભળે તેને મળતું જ આવે. બીજે બધે સંવાદી-વિવાદી કહેવાય. ત્યાં વિવાદ કરવા પડે. પછી પ્રતિવાદી, તે અહીંયા ના હોય. અને વાત અવિરોધાભાસ હોય. એટલે મળતું આવવું જ જોઈએ. આગળ પંદર વર્ષ પહેલાં વાત કરી હોય, તેની તે જ વાતને આજે મળતી આવતી હોય. શબ્દોના સ્વરૂપ જુદા હોય, પણ વાત મળતી આવે. સિદ્ધાંત એક જ હોય. સિદ્ધાંત એનું નામ કહેવાય કે જે વાદ ઉપર વિવાદ ના હોય, વિરોધાભાસ હોય નહીં અને ત્રણેય કાળ સત્ય હોય. વિરોધાભાસ હોત ને, તો એ પછી ભવિષ્યમાં ચેકવું પડે.

અહીં તો હું જે બોલ્યો છું અઠ્ઠાવીસ વર્ષથી, તે આમાં (ટેપમાં) આવી ગયેલું છે. એમાં શબ્દે શબ્દ કોઈ ચેકો ના મારી શકે. એક શબ્દનોય ચેકો નહીં. તે બીજા નવા શાસ્ત્રરૂપ કહેવાય.

એક લાખ શબ્દો બોલ્યા હોય, તેને વાદ કહેવાય. એ વાદ ઉપર જો વિવાદ ના થાય તો જાણવું કે આ કરેક્ટ જ્ઞાન છે. વાદ ઉપર વિવાદ થયો તો એને જ્ઞાન કહેવાય જ કેમ ?

એવું છે ને, બુદ્ધિશાળીઓ તો વાદ-વિવાદ કરે. આ બુદ્ધિવાળી વાણી ન હોય. જ્યાં બુદ્ધિ ખલાસ થઈ ગયેલી તે વાણી, નિર્વિવાદી વાણી કહેવાય. જ્યાં સંવાદ નહીં, વિવાદ નહીં. અત્યારે આપણા પચાસ હજાર માણસ આવે, પણ આપણે ત્યાં વિવાદ જેવો શબ્દ નથી જોયો. છેલ્લી જ કક્ષા, આથી આગળ બીજું કંઈ જાણવાનું ના હોય.

આ સ્યાદ્વાદ માર્ગ ! સ્યાદ્વાદ હોય ત્યાં વાદ ના હોય, વિવાદ ના હોય, પ્રતિવાદેય ના હોય. વાદ-વિવાદવાળાને આત્મા જડે નહીં.

## ચોર-શાહુકાર, સ્યાદ્વાદ દૃષ્ટિએ

**પ્રશ્નકર્તા :** તો સ્યાદ્વાદ એટલે કેવો વાદ, એ સમજાવો.

**દાદાશ્રી :** સ્યાદ્વાદ એટલે દરેક ખૂણાને, દરેક ધર્મને ધ્યાનમાં રાખીને વાત કરવી. એટલે

ત્રણસો સાઠ ડિગ્રીના ધર્મો જે છે એ બધાને હેરાન ના થાય, કોઈને દુઃખ ના થાય એવી રીતે વાત કરવી. એકાંતિક નહીં થવું. અમુક આગ્રહ પકડીને નહીં બેસવાનું. ને કોઈનાયે સત્યનું પ્રમાણ ના દુભાય એવી રીતે વાણી બોલે એનું નામ સ્યાદ્વાદ વાણી કહેવાય. કારણ કે દરેકના સત્ય જુદા જુદા હોય જ. પણ આપણે એવું બોલીએ કે દરેકના સત્યને ફિટ થાય, એને દુઃખ ના થાય.

**પ્રશ્નકર્તા :** બે જણનું જુદું જુદું સત્ય હોય અને આપણે એકના સત્યનું પ્રમાણ સાચવવા જઈએ તો બીજાનું પ્રમાણ ના સચવાય તો ?

**દાદાશ્રી :** હવે સત્ય જુદું જુદું ના હોય. સત્ય તો એની માન્યતા પ્રમાણે હોય. સત્ય તો એક જ પ્રકારનું હોય. પણ એની બીજી જે માન્યતા છે ને, તે જુદી હોય. બીજી માન્યતા તે વીંટાયેલી હોય. પણ એને જરાય ઘાત ન થવો જોઈએ. એના માનેલા સત્યને ઘાત ન થવો જોઈએ. એટલે કોઈનાયે સત્યનું પ્રમાણ ન દુભાવવું જોઈએ.

હવે ભગવાન તો ચોરી કરનારને અને દાન આપનારને બન્નેને અહંકારી કહે છે. કારણ કે ચોરી કરશે એ એનું ફળ ભોગવશે ને પેલાએ દાન આપ્યું તેનું ફળ એ ભોગવશે. પણ વાણી એવી બોલો કે ચોર કે શાહુકાર બન્ને સાંભળનાર હોય ને, તો બન્નેને 'હેલ્પ' કરે. એટલે ચોરના સત્યને હેલ્પ કરે ને શાહુકારના સત્યનેય હેલ્પ કરે, એવું બોલો. કોઈના એકના પક્ષમાં પડશો તો બીજાના પરિણામ બદલાશે. ચોરના પક્ષમાં પડશો તો શાહુકારના પરિણામ બદલાશે. કોઈના પરિણામ ન બદલાય એવી રીતે બોલો. એને ખાસ કરીને વીતરાગ વાણી કહેવાય. ત્રણસો સાઠેય અંશનું નુકસાન ન થાય એવી રીતે બોલો. બધા અંશોવાળાને હેલ્પ થાય એવું બોલો.

**પ્રશ્નકર્તા :** એટલે એક શાહુકાર હોય ને એક ચોર હોય, એ બન્નેને હેલ્પ કરે એવી વાણી બોલવી, તો એનો કોઈ દાખલો આપો ને !

**દાદાશ્રી :** આ હું જ્યાં જ્યાં જઉં છું ને, તે ત્યાં બધી જાતના લોકો આવે. પણ કોઈનું પ્રમાણ ન દુભાય એવી વાણી હોય. તે આખી જિંદગી જ આવું બોલેલો છું. નહીં તો આ એક પ્રશ્ન પૂછવામાં શું થાય ? કોઈ જગ્યાએ આવા પ્રશ્ન પૂછવામાં આવતા હોય તો તો એક દહાડોય એનો વેપાર ચાલે નહીં. અને અમારે આજ વીસ વર્ષથી આનો આ જ વેપાર ! નહીં તો એક દહાડોય વેપાર ના ચાલે ને એક દહાડામાં દુકાન બંધ કરી દેવી પડે. આ તો પક્ષાપક્ષથી રહિત વાણી, સત્યાસત્યથી રહિત વાણી, સત્યેય નહીં ને અસત્યેય નહીં. કારણ કે બન્નેય ખોટું છે, સત્ય અને અસત્ય બન્નેય ખોટું છે.

**પ્રશ્નકર્તા :** તો શાહુકારને શું કહેવું અને ચોરને શું કહેવું ?

**દાદાશ્રી :** આ શાહુકાર ને આ ચોર, એ દૃષ્ટિ જ ના હોવી જોઈએ આપણને. આ તો એ દૃષ્ટિ છે એટલે વાણી બગડી જાય છે. એ ચોર એનો ધંધો લઈને બેઠો છે અને આ એનો ધંધો લઈને બેઠો છે. સહુ સહુના ધંધા લઈને બેઠા છે, તેમાં આપણને શું ? ભગવાનની દૃષ્ટિ નથી બગડતી ને આપણે શું કરવા દૃષ્ટિ બગાડીએ ? ભગવાનની દૃષ્ટિ નથી બગડતી કે 'આ ચોર છે કે આ શાહુકાર છે.' ભગવાનની સમદૃષ્ટિ છે !

સ્યાદ્વાદ એનું નામ કે કોઈપણ ધર્મનું

પ્રમાણ ના દુભવે. ભલે ને પાંચ અંશનું હોય એનું પ્રમાણ પણ એ પ્રમાણ ના દુભાવવું જોઈએ. સ્યાદ્વાદ એનું નામ કે કોઈ પણ ધર્મની ડાયરેક્ટ ભૂલ ના દેખાડે. નહીં તો એ તો ઘાત કર્યા બરોબર છે. ભ્રાંત માણસને ડાયરેક્ટ ભૂલ દેખાડે તો શું થાય તે ? ભગવાનનું સ્યાદ્વાદ એટલે કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય, પછી તે ગમે તે ધર્મનો હોય.

કોઈના મનને દુઃખ ના થાય એવી વાણી હોવી જોઈએ. બહુ ગંભીર વાત છે ! અને રાગ-દ્વેષ ગયા હોય ત્યારે જ એવી વાત નીકળે.

### સ્યાદ્વાદ વાણી-વર્તન-મનન...

**પ્રશ્નકર્તા :** હવે 'કોઈનો પણ અહમ્ ના દુભાય એવી સ્યાદ્વાદ વાણી, સ્યાદ્વાદ વર્તન અને સ્યાદ્વાદ મનન કરવાની શક્તિ આપો.' એ ત્રણ જરા સમજાવો.

**દાદાશ્રી :** સ્યાદ્વાદનો અર્થ એવો કે બધા કયા ભાવથી, કયા 'વ્યુ પોઈન્ટ'થી કહે છે એ આપણે જાણવું જોઈએ. અમે શોધખોળ કરેલી કે જગત આખું 'વ્યૂ પૉઈન્ટ'થી જુએ છે. 'વ્યૂ પૉઈન્ટ'માં શક્તિઓ નકામી જાય છે. આખી જિંદગી બેસી રહે તોય સામાનો 'વ્યૂ પૉઈન્ટ' બદલાય તેમ નથી.

**પ્રશ્નકર્તા :** સામાનો 'વ્યુ પોઈન્ટ' સમજવો એ સ્યાદ્વાદ ગણાય ?

**દાદાશ્રી :** સામાનો 'વ્યુ પોઈન્ટ' સમજીએ અને તે પ્રમાણે વ્યવહાર કરવો, એનું નામ સ્યાદ્વાદ. એના 'વ્યુ પોઈન્ટ'ને દુઃખ ના થાય એવી રીતે વ્યવહાર કરવો. ચોરના 'વ્યુ પોઈન્ટ'ને દુઃખ ના થાય એવી રીતે તમે બોલો, એનું નામ સ્યાદ્વાદ !

આ અમે વાત કરીએ, તે મુસ્લિમ હોય કે પારસી હોય, બધાને એકસરખું જ સમજાય. કોઈનું પ્રમાણ ના દુભાય કે 'પારસી આવા છે કે સ્થાનકવાસી આવા છે' એવું દુઃખ થવું ના જોઈએ.

**પ્રશ્નકર્તા :** અહીં તો કોઈ ચોર બેઠો હોય, એને આપણે કહીએ કે ચોરી કરવી એ સારું નથી, તો એનું મન તો દુભાય જ ને ?

**દાદાશ્રી :** ના, એવું નહિ કહેવાનું. આપણે એને કહેવું જોઈએ કે 'ચોરી કરવાનું ફળ આવું આવે છે. પછી તને ઠીક લાગે તો કરજે.' એવું બોલાય. એટલે વાત રીતસર બોલવી જોઈએ, તો પેલો સાંભળવા તૈયાર થાય. નહીં તો પેલું તો એ સાંભળશે જ નહીં અને ઊલટો તમારો શબ્દ નકામો જશે. આપણું બોલેલું નકામું જાય અને એ ઊલટો વેર બાંધે કે આ મોટા આવ્યા પાછા ! એવું ના હોવું જોઈએ.

લોકો કહે કે ચોરી કરવી એ ગુનો છે, પણ ચોર શું જાણે કે ચોરી કરવી એ મારો ધર્મ છે. અમારી પાસે કોઈ ચોરને તેડી લાવે તો અમે એને ખભે હાથ મૂકી ખાનગીમાં પૂછીએ કે 'ભઈ, આ બિઝનેસ તને ગમે છે ? પસંદ પડે છે ?' પછી એ એની બધી હકીકત કહે. અમારી પાસે એને ભય ના લાગે. માણસ ભયને લીધે જૂઠું બોલે છે. પછી એને સમજાવીએ કે 'આ તું કરે છે તેની જવાબદારી શું આવે છે, તેનું ફળ શું છે તેની તને ખબર છે ?' અને 'તું ચોરી કરે છે' એવું અમારા મનમાંય ના હોય. એવું જો કદી અમારા મનમાં હોય તો એના ઉપર અસર પડે. દરેક પોતપોતાના ધર્મમાં છે. કોઈ પણ ધર્મનું પ્રમાણ ના દુભાય, એનું નામ સ્યાદ્વાદ વાણી. સ્યાદ્વાદ વાણી સંપૂર્ણ હોય. દરેકની

પ્રકૃતિ જુદી જુદી હોય તોય સ્યાદ્‌વાદ વાણી કોઈની પણ પ્રકૃતિને હરકત ના કરે.

**દાદાશ્રી :** સ્યાદ્‌વાદ વર્તન કોને કહેવાય કે જે વર્તન મનોહર લાગે, મનનું હરણ કરે તેવું.

વર્તન આ મનનું હરણ કરી લે. એટલે યાદ જ આવતું બધું, મન વિચારતું જ બંધ થઈ જાય. બધા સંસારના વિચારોની વિચારણા જ બંધ કરી દે. આમ જેનું વર્તન મનોહર લાગે આપણને, મનનું હરણ કરી લે, એ સ્યાદ્‌વાદ વર્તન.

**પ્રશ્નકર્તા :** સ્યાદ્‌વાદ મનન એટલે શું ?

**દાદાશ્રી :** સ્યાદ્‌વાદ મનન એટલે વિચારણામાં, વિચાર કરવામાંય કોઈ ધર્મનું પ્રમાણ ન દુભાવવું જોઈએ. વર્તનમાં તો ના જ હોવું જોઈએ પણ વિચારમાંય ના હોવું જોઈએ. બહાર બોલો એ જુદું અને મનમાં પણ એવા સારા વિચાર હોવા જોઈએ કે સામાનું પ્રમાણ ના દુભાય એવા. કારણ કે મનના જે વિચારો હોય છે એ સામાને પહોંચે છે. તેથી તો આ લોકોના મોઢાં ચઢેલા હોય. કારણ કે તમારું ત્યાં પહોંચીને અસર કરે.

**પ્રશ્નકર્તા :** કોઈના પ્રત્યે ખરાબ વિચાર આવે તો પ્રતિક્રમણ કરવું ?

**દાદાશ્રી :** હા, નહીં તો પછી એનું મન બગડે. અને પ્રતિક્રમણ કરો તો એનું મન બગડેલું હોય તોય સુધરી જાય પાછું. કોઈનું ખરાબ કે એવું તેવું વિચારાય નહીં, કશું જ કરાય નહીં. 'સબ સબ કી સમાલો.' પોતપોતાનું સંભાળો, બસ. બીજી કોઈ ભાંજગડ નહીં.

## સર્વેની દૃષ્ટિને સમાવે સ્યાદ્‌વાદ

આપણા ઘરમાં એક જ જાતના માણસો હોય તો શું થાય ? ઘરમાં સ્ત્રી વેપારી, ધણી વેપારી, છોકરાં વેપારી, છોકરી વેપારી, પછી ઘરમાં શું થાય ? એટલે જુદું જુદું જોઈએ તો સંસાર ચાલે. પ્રકૃતિ દરેકની જુદી હોય. તે ભગવાને કહેલું કે ભઈ, બધાની પ્રકૃતિ ફેર હોય. પણ એ એનું દૃષ્ટિબિન્દુ છે અને દૃષ્ટિબિન્દુના આધારે એ ચાલ્યા કરે છે.

હવે પોતપોતાના દૃષ્ટિબિન્દુને સાચું ઠેરવવું, એને એકાંતિક કહેવાય. જ્યારે વીતરાગ ધર્મ અનેકાંત કહેવાય. બધા દૃષ્ટિબિન્દુને પોતે સમાવી લે, એનું નામ વીતરાગ ધર્મ.

**પ્રશ્નકર્તા :** 'બધા જ દૃષ્ટિબિંદુને પોતે સમાવી લે એનું નામ વીતરાગ ધર્મ.' તે આપ શું કહેવા માગો છો ?

**દાદાશ્રી :** હા. ત્રણસો સાંઈઠ ડિગ્રી હોય, તે બધી ડિગ્રીને સમાવી લે, કોઈની જોડે મતભેદ ના પાડે, એનું નામ વીતરાગ ધર્મ. ત્રણસો સાંઈઠ ડિગ્રીવાળાને, સેન્ટરવાળાને કોઈની જોડે આઘુંપાછું હોય ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** બધા સરખા હોય ને ?

**પ્રશ્નકર્તા :** હાસ્તો ને !

**દાદાશ્રી :** વીતરાગ ધર્મ એનું નામ કહેવાય. શુભ 'એકાંતિક' કહેવાય, જ્યારે શુદ્ધ 'અનેકાંત' કહેવાય. અનેકાંતથી મોક્ષ. અનેકાંત એટલે આગ્રહ નહીં, દરેક સત્યને સ્વીકારે. વીતરાગ માર્ગ અનેકાંત-સ્યાદ્‌વાદ હોય.

## વીતરાગ ધર્મ ત્યાં સ્યાદ્વાદ-અનેકાંત

ભગવાન અનેકાંત હતા. અનેકાંત એટલે આગ્રહ નહીં. આ અપેક્ષાએ આયે સત્ય છે ને આ અપેક્ષાએ આય સત્ય છે. બન્નેને સ્વીકારે, દરેક સત્યને સ્વીકારે. 'આ તમારું શા માટે ખોટું ?' એવું કશું નહીં. એટલે સંપ્રદાય એ તો એકાંતિક માર્ગ કહેવાય અને એ વીતરાગ માર્ગમાં જ નથી. વીતરાગ માર્ગ તો અનેકાંત-સ્યાદ્વાદ હોય.

જ્યાં એકાંતિક છે ત્યાં મતિયા થઈ જાય. મતિયા નહીં, પણ મતાંધ પણ થઈ જાય. વ્યવહારમાં તો, સંસારમાં તો લોભાંધ હતો કે કેમ કરીને પૈસા ભેગા કરું એમાં અંધ થઈ ગયેલો હોય, પણ આ તો મતમાં જ અંધ થઈ ગયેલા. અને પોતાનો મત ખરો કરવા માટે સામાની સાચી વસ્તુ મારી નાખે, સત્યનું ખૂન કરે. એટલે સંપ્રદાય ત્યાં વીતરાગ ધર્મ છે જ નહીં. આપણે પૂછીએ, 'તમે વીતરાગ ધર્મમાં છો કે સંપ્રદાયમાં છો ?' તો એ કહે, 'સંપ્રદાયમાં.' અને સંપ્રદાય એટલે એકાંતિક. અને એકાંતિક હોય ત્યાં મોક્ષમાર્ગ રહે જ ક્યાંથી ? સંપ્રદાય એટલે પક્ષ. એટલે એમની વાણીયે પાક્ષિક વાણી છે, આચાર પાક્ષિક છે, વર્તન પાક્ષિક છે. અને ભગવાન નિષ્પક્ષપાતી હોય, વીતરાગ સ્યાદ્વાદ હોય.

વીતરાગ એટલે સ્યાદ્વાદ અને અનેકાંત, બે જ શબ્દ હોય ત્યાં વીતરાગ છે.

## એકાંતિક આગ્રહી, અનેકાંત નિરાગ્રહી

**પ્રશ્નકર્તા :** એટલે એક વિચાર દૃષ્ટિને ચીટકી રહેવું તે એકાંતિક !

**દાદાશ્રી :** હા, બરોબર છે. કેટલું સરસ વાક્ય ! એક વિચારને ચીટકી રહેવું એ જ એકાંતિક. એટલે અમુક ડિગ્રીઓને એક્સેપ્ટ કરવી, બીજી ડિગ્રીઓને નહીં, એ એકાંત દૃષ્ટિ. અને ત્રણસો સાઠ ડિગ્રીઓને એક્સેપ્ટ કરવી એ અનેકાંત દૃષ્ટિ.

તમારે અને મારે કોઈ જાતની ખેંચતાણ છે સામાસામી, આ વાત કરતા ?

**પ્રશ્નકર્તા :** જરાય નહીં.

**દાદાશ્રી :** એક જ વાતમાં સહમત થઈ ગયા છો ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એકાંતિકમાં સહમત ના થાય અને અનેકાંતમાં સહમત કહેવાય. આપણે પૂછીએ, 'તમારો હિસાબ એકાંતિક છે કે અનેકાંત ?' ત્યારે એ કહે, 'એકાંતિક' ને એકાંતિક એટલે વિકલ્પ. એવું છે, જે ચાલીસ ડિગ્રી પર આવ્યો હોય એને એ વ્યૂ પૉઈન્ટ જોઈએ, એંસી ડિગ્રી પર આવ્યો હોય એને એંસી ડિગ્રીવાળો વ્યૂ પૉઈન્ટ જોઈએ, સો ડિગ્રીવાળાને સો ડિગ્રીવાળો વ્યૂ પૉઈન્ટ જોઈએ. એવું દરેકને જુદું જુદું તો કરવું પડે ને ! એ દૃષ્ટિબિંદુ કહેવાય. એકાંતિકનો અર્થ જ શું ? દૃષ્ટિબિંદુ. અને અનેકાંત એટલે વાસ્તવિક. આપણે અહીં એકલું વાસ્તવિક છે, રિયલ છે.

આ એકાંત એટલે શું ? એ લોકોને પૂછીએ કે 'ભઈ, આ દરેક સંપ્રદાયિક માર્ગને એકાંતિક માર્ગ કહેવામાં આવે છે,' તો શું કહે ? એકાંતિક. આપણે એમને પૂછીએ કે તમે એકાંતિક કેમ લખો છો ? સમજીને લખો છો કે ના સમજીને ? ત્યારે કહે, 'ના, સમજીને લખીએ છીએ. અમે નક્કી કર્યું છે કે આટલો જ, આ આટલો જ આગ્રહ નક્કી કર્યો છે. આ જ આગ્રહ અમારો

ધર્મ, કહે છે. અમે આગ્રહ નક્કી કર્યો છે. એટલે એકાંતિક એટલે આગ્રહી અને અનેકાંત એટલે નિરાગ્રહી. તીર્થંકર દેવ સિવાય અનેકાંત હોય નહીં. ગણધરોય પહેલા સ્ટેજમાં અનેકાંત ના હોઈ શકે. વાણી દોષિત જ નીકળે.

એકાંતિક એટલે એક નક્કી કરવું કે આટલું જ, આટલી કલમો નક્કી કરી એટલી કલમો પ્રમાણે જ આપણે ચાલવું એનું નામ એકાંતિક અને અનેકાંત એટલે બીજાની પણ કલમોનો સ્વીકાર કરવો. બીજા દરેકની કલમોનો સ્વીકાર કરવો એ બધાય અનેકાંત કહેવાય.

### સ્યાદ્‌વાદમાં કોઈની જોડે મતભેદ નહીં

કબીરસાહેબ મુસ્લિમ લત્તામાં મસ્જિદની પાસે જ રહેતા હતા. તે પેલા લોકો બાંગ પોકારે, તે લોકો કાનમાં આંગળા ઘાલીને પોકારે છે કે નહીં ? એને શું કહેવાય ? બાંગ. હવે એ બાંગને માટે કબીરસાહેબ, એ તો બહુ જાગ્રત માણસ, તે કહે, ‘‘અલ્લા કુછ બહેરા થોડા હૈ, તો ઈતના જોર જોર સે બોલ બોલ કરતા હૈ ? વહ સબ સૂનતા હૈ. વહ તો યહ કીડી કે પાંવ મેં ઝાંઝર લગા દો તો વહ ભી સૂન લેતા હૈ, તો ફીર તુમ ક્યું ઈતના બૂમ લગાતા હૈ ? હમારે કાન મેં બહુત ખરાબ લગતા હૈ.’’ તે ‘અમારા ભગવાનની, ધર્મની ટીકા કરે છે’ એમ કહીને મુસ્લિમ લોકોએ કબીરસાહેબને ખૂબ માર્યા.

હવે કબીરસાહેબે મને પૂછયું હોત કે ‘આ તો ખોટું કરે છે ને મને માર્યો.’ તો હું કહું કે ‘એ કરે છે તે બરોબર છે, ભૂલ તમારી છે. સામાના વ્યુ પોઈન્ટને જાણીને બોલો. સામાનું વ્યુ પોઈન્ટ જાણ્યા સિવાય બોલવું અને બધાંને પોતાની સરખી દૃષ્ટિએ માપવું એ ભયંકર ગુનો છે. પોતાની સરખી દૃષ્ટિએ એટલે મને જેવી દૃષ્ટિ છે એવી જ આમને હશે એવું માનવું એ બધો ગુનો કહેવાય.’ પછી કબીરસાહેબને હું સમજાવું કે ‘આ લોકો જેટલું જોરથી બોલશે એટલો મહીં પડદો તૂટશે અને ત્યારે મહીં અલ્લા સાંભળશે. એમનું આવડું મોટું જાડું પડ, આવરણ હોય છે અને તમારું પડ છે તે લૂગડાં જેવું પાતળું છે. એટલે તમે મનમાં વાત કરશો તોય તેમને પહોંચી જશે અને પેલા લોકોને તો પડ જાડું છે એટલે હોંકારીને જેટલું જોશથી બોલાય એટલું એમણે તો બોલવું. આ બધું એમને માટે બરોબર છે, કરેક્ટ છે. હવે આવી બાંગ ક્રાઈસ્ટના ભક્તો પોકારે તો તેમનું બગડી જાય. એમને તો બિલકુલ શાંતિ જોઈએ. બોલવાનું જ નહીં, શબ્દ જ નહીં. દરેકની ભાષામાં જુદું જુદું છે. એટલે એ એમની ભાષામાં વાત કરતા હોય ને તેને આપણે કહીએ તો કબીરસાહેબ જેવી દશા થાય. જે અનેકાંતને નથી સમજતા તે કબીરસાહેબની જેમ માર ખાય. પોતે પોતાની ભૂલનો માર ખાય છે.

કબીરસાહેબ બહુ જાગ્રત માણસ થઈ ગયા. ઘણા ખરા ભક્તો થઈ ગયા એમાં પણ કબીર બહુ બહુ જાગ્રત હતા. એવા પાંચ-સાત ભક્તો થઈ ગયા છે, કે જે બહુ જાગ્રત હતા, અત્યંત જાગ્રત ! એમને માત્ર મોક્ષમાર્ગ મળવાને વાંકે અટક્યું હતું. તેમને માર્ગ મળ્યો નહીં. તેમને જો માર્ગ મળ્યો હોત તો કંઈનું કંઈ કામ કાઢી નાખે એવા હતા એ !

તે કબીરજીના વખતમાં બ્રાહ્મણો ગામમાં યજ્ઞ કરતા હતા. તેમણે યજ્ઞમાં હોમવા મોટો બકરો લાવીને ઊભો રાખ્યો હતો. કબીરજીએ આ જોઈને બ્રાહ્મણોને કહ્યું, ‘તમે આ બકરો કેમ અહીં ઊભો રાખ્યો છે ?’ ત્યારે બ્રાહ્મણોએ કબીરજીને કહ્યું, ‘તું કેમ અહીં આવ્યો છે ? જતો

રહે અહીંથી. તારે એનું શું કામ છે ?' ત્યારે કબીરજી સમજી ગયા ને બોલ્યા, 'આ બકરો જીવતો છે, સારો છે. એને શું કરવા તમે યજ્ઞમાં હોમો છો? એને કેટલું બધું દુઃખ થશે ?' ત્યારે બ્રાહ્મણોએ કહ્યું, 'એને તો યજ્ઞમાં હોમીશું, એટલે એને તો સ્વર્ગ મળશે.' ત્યારે કબીરજી ફટ દઈને બોલ્યા, 'આ બકરાને શું કામ સ્વર્ગ કરાવો છો ? એના કરતાં તમારા બાપા ઘરડા થયા છે તેમને યજ્ઞમાં હોમો ને કે જેથી તેમને સ્વર્ગ મળે !' હવે આ કેવું આધાશીશી ચઢે એવું વાક્ય કહેવાય ! તે બ્રાહ્મણોએ ખૂબ માર્યા એમને. એટલે જ્યાં ને ત્યાં માર ખાય. ભગવાનનું અનેકાંત સમજ્યા વગર બોલે, તે જ્યાં ને ત્યાં માર ખાય ! બાકી કબીરજી જેવા તો ભગત નથી થયા કોઈ ! બહુ સુંદરમાં સુંદર ! જેણે જગતની સ્પૃહા જ છોડેલી હતી. જગતના કોઈ વિષયની સ્પૃહા એમને નહીં, એવા નિસ્પૃહ થઈ ગયા.

અંગ્રેજો શાંતિથી ચર્ચમાં ઊભા રહે છે તે કરેક્ટ છે. મુસ્લિમો બાંગ પોકારે છે તેય કરેક્ટ છે અને હિન્દુઓ મનમાં ધીમે ધીમે બોલે છે તેય કરેક્ટ છે. કોઈ હિન્દુ જરા જોરથી બોલતો હોય કે બિલકુલ ના બોલતો હોય, જડ જેવો હોય તેને કહેવું કે 'જરા જોશથી બોલજે.' જરા જડ જેવો જૈન હોય તો તેને કહેવું કે 'અલ્યા, નવકાર મંત્ર મનમાં શું ગા ગા કરે છે ? બોલ જોશથી, તે અહીં આગળ અવાજ થાય. મહીં ઘંટ વાગે એવું બોલ.' એટલે દરેકની જુદી જુદી દવા હોય. મનુષ્ય માત્રને જુદા જુદા રોગ હોય, તેની જુદી જુદી દવા હોય. જીવ માત્રને જુદા જુદા રોગ હોય. હવે તમે કહો કે આ બધાંને ઊલટીની દવા આપી દો દાદા, તો શું થાય ? એટલે આ જગત આવું છે ! તેથી ભગવાને અનેકાંત મૂકેલું, સ્યાદ્‌વાદ કે કોઈ જીવની જોડે મતભેદ જ નહીં.

## જ્ઞાની, સર્વ મતના જાણકાર

આ તો અનેકાંત માર્ગ, એને એકાંતિક કરી નાખ્યો છે. આગળ ના સમજણ પડવાથી એકાંતિક કરી નાખ્યો છે ને મત બનાવ્યો. એકાંતિક એટલે મત અને અનેકાંત એટલે મત નહીં, નિષ્પક્ષપાત, અનેકાંત ! ભગવાને કહ્યું છે, જ્ઞાની પુરુષ સ્વમત-પરમતના જાણકાર હોવા જોઈએ.

પોતાના સ્વ-મતવાળાને પ્રકાશ આપવો એ એકાંતિક કહેવાય, અનેકાંત થવું પડશે. પરમતનો ગમે તે માણસ આવ્યો હોય અને એ ખુલાસો માગે, તો તરત જ, ઓન ધી મોમેન્ટ ખુલાસો હોવો જોઈએ. અને તે ખુલાસો સફળ હોવો જોઈએ. આ તો પોતાના મતવાળાને એકલાંને જ સમજાવી શકે. એનો અર્થ જ નહીં ને ! મિનિંગલેસ છે ! બીજા મતવાળા આવે ત્યારે શું થાય ?

**પ્રશ્નકર્તા :** બધાનું સમાધાન કરી શકે એવું હોવું જોઈએ.

**દાદાશ્રી :** આ પ્રખર વેદાંતી સાહેબ આવ્યા હતા. એમની પાસે કોઈ જૈનનો સાધુ એમ તો બોલી જુએ કે 'ના, ભગવાન કર્તા નથી આનો.' જોઈ લો, પછી સાહેબનો રોફ ! એટલે અહીં તો એવું બોલવું પડે કે એને પોતાને બુદ્ધિમાં વાત સમજાઈ જાય. ભગવાન કર્તા નથી, એનો તો વિરોધ આખી દુનિયામાં ચાલે છે. મહાવીર ભગવાનના વખતમાંય જબરજસ્ત વિરોધ ચાલેલા. અને આ સાહેબને અહીં જરા પણ વિરોધ પડ્યો કંઈ ? આ કોઈ વૈષ્ણવને અહીં વિરોધ પડતો નથી. કારણ કે વૈજ્ઞાનિક ઢબ છે આપણી અને અમે બોલતા જ નથી ને ! આ તો ટેપરેકર્ડ બોલે છે. નહીં તો પરમતવાળો એક માણસ ફેરફાર

ના થાય. આ સામે માણસ હોય તો દલીલબાજી કરે. સામે માણસ ના હોય ને ટેપ હોય તો દલીલ ના કરે. એ ટેપ સાંભળી અને વિચારમાં પડે. ટેપ જોડે ક્યાં માથાકૂટ કરે ?

### ભેદ, અનેકાંત અને સ્યાદ્‌વાદમાં

**પ્રશ્નકર્તા :** એકાંતિક માર્ગે છેલ્લો મોક્ષમાર્ગ નથી સમજાતો.

**દાદાશ્રી :** એકાંતિક તો આખું જગત સમજે છે, પણ અનેકાંત નથી સમજ્યા અને સ્યાદ્‌વાદ જ્યારે સમજે, ત્યાર પછી મોક્ષમાર્ગ હાથમાં આવે.

**પ્રશ્નકર્તા :** અનેકાંત એટલે સ્યાદ્‌વાદ જ ને ?

**દાદાશ્રી :** અનેકાંત એ સ્યાદ્‌વાદમાં સમાય. પણ અનેકાંતમાં સ્યાદ્‌વાદ ના સમાય. એ સ્યાદ્‌વાદ એ એવડો મોટો શબ્દ છે કે જેની મહીં અનેકાંત પણ સમાઈ જાય, નિષ્પક્ષપાતીય સમાઈ જાય. નિષ્પક્ષપાતી દુનિયામાં છે ખરા, પણ એ સ્યાદ્‌વાદ ના કહેવાય. નિષ્પક્ષપાતી વિચારના માણસો હોય છે ખરાં અને એ વિચારના એટલે એવું બોલેય ખરાં, છતાં પણ એ સ્યાદ્‌વાદ ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** તે તત્ત્વદૃષ્ટિએ આ સ્યાદ્‌વાદ અને અનેકાંત, બન્ને સરખું જ ને ?

**દાદાશ્રી :** ના, સરખું નહીં. લોકો આમ સરખું કહેશે પણ હું સરખું માનું નહીં ને ! કારણ કે અનેકાંતનો અર્થ શું થાય છે ? એ નિરાગ્રહી કહેવાય છે. આ હિંદુસ્તાનમાં જેટલા માર્ગ છે ધર્મમાં, એ બધા એકાંતિક કહેવાય. એકાંતિક એટલે અમુક પ્રકારનો આગ્રહ નક્કી કરેલો હોય કે આટલી જ આપણી ભૂમિકા અને આવી જ માન્યતા આપણી, એ એકાંતિક. પોતાનું જુદું અને સામાનું જુદું. અને અનેકાંત એટલે આગ્રહ નહીં, નિરાગ્રહી વાણી. નિરાગ્રહ એ સ્યાદ્‌વાદમાં સમાય, સ્યાદ્‌વાદ નિરાગ્રહમાં ના સમાય ! સ્યાદ્‌વાદ એક મોટી વસ્તુ છે.

એટલે અનેકાંત એ જુદી વસ્તુ છે અને સ્યાદ્‌વાદ એ જુદી વસ્તુ છે. અનેકાંત આગ્રહ ઉપર આધાર રાખે છે અને સ્યાદ્‌વાદ એ વાદ ઉપર ચાલે છે. વાદ એટલે વચન.

ભગવાનના સ્યાદ્‌વાદને આ લોકોએ એકાંતિક કર્યો. ભગવાનનું સ્યાદ્‌વાદ આવું નહોતું. ભગવાનનું સ્યાદ્‌વાદ એટલે શું ? આ ધર્મમાં આટલા સુધીની જ વાત સમજાવે છે અને આ બીજો ધર્મ આટલે સુધીની વાત સમજાવે છે. એ બધા ધર્મો એમની બાઉન્ડ્રીમાં જ છે, એના વ્યૂ પોઈન્ટમાં જ છે અને તે પાછું એમાં જુદા છે નહીં. એક જ કોલેજના 'સ્ટાન્ડર્ડો' છે આ બધા. પણ તે આ દરેક ધર્મવાળાએ પછી 'આ અમારું ને પેલું તમારું' કરી નાખ્યું. આ અમારું-તમારું આવ્યું ત્યાં સ્યાદ્‌વાદ ના કહેવાય.

આત્મા પ્રાપ્ત થાય ત્યાર પછી અનેકાંત શરૂ થાય છે.

સ્યાદ્‌વાદ એટલે નિરાગ્રહી કહેવું હોય તો નિરાગ્રહી કહેવાય. અનેકાંત કહેવું હોય તો એ અનેકાંત કહેવાય. એકાંતિક એટલે આગ્રહી અને અનેકાંત એટલે નિરાગ્રહી. અને બધાને અનુકૂળ આવે એવી વાણી હોય. આ બધા ધર્મોવાળા અહીં બેઠા હોય ને, તે કોઈને પછી મારા શબ્દથી ફેર ના લાગે. કારણ કે હું નિષ્પક્ષપાતી વિચારનો છું અને આ સ્યાદ્‌વાદ વાણી. એ પછી સમજાવીશ, સ્યાદ્‌વાદ વાણી બહુ મોટી વસ્તુ છે. અત્યારે આટલું નિરાગ્રહી એટલું સમજી લેજો.

**પ્રશ્નકર્તા :** હવે સ્યાદ્‌વાદ અને અનેકાંત, એ બેના અર્થના જુદા રહસ્ય છે કે એક જ છે ?

**દાદાશ્રી :** રહસ્ય એ જ છે કે ધર્મની કોઈ એક બાબતમાંય ઝઘડો એનું નામ એકાંતિક. અને અનેકાંતમાં કોઈ ઝઘડો ના હોય, કોઈ આગ્રહ હોય નહીં ને ! તોફાન કશુંય હોય નહીં. અનેકાંત એટલે ઉપયોગમય જીવન હોય. શુદ્ધ ઉપયોગમય જીવન એનું નામ અનેકાંત. બાકી વ્યવહારમાં એવું હોય નહીં ને ! વ્યવહારમાં તો બધું શુભાશુભ હોય. શુદ્ધ ઉપયોગ એટલે પોતે પોતાની જાતને શુદ્ધ દેખે છે અને બીજાનેય શુદ્ધ દેખે છે. ચોરનેય શુદ્ધ દેખે છે અને સાપનેય શુદ્ધ દેખે છે અને વાઘનેય શુદ્ધ દેખે છે, એનું નામ શુદ્ધ ઉપયોગ. એ સાપને સાપ નથી દેખતો, શુદ્ધ જ દેખે છે.

## સ્યાદ્‌વાદ, અનેકાંત અને નયવાદ

**પ્રશ્નકર્તા :** સ્યાદ્‌વાદ, અનેકાંતવાદ અને નયવાદ, એ ત્રણેવમાં તાત્ત્વિક ભેદ કયો ? ને કેવી રીતે ? સ્યાદ્‌વાદ અને અનેકાંતવાદ, આ બેની વચ્ચે સમાનતા ઘણી દેખાય છે.

**દાદાશ્રી :** આમાં સ્યાદ્‌વાદ અને અનેકાંતવાદ એ બન્ને 'રિયલ-રિલેટિવ' છે. એટલે 'રિલેટિવ' ખરું, પણ 'રિયલ-રિલેટિવ' છે અને આ નયવાદ એ 'રિલેટિવ- રિલેટિવ' છે, એ વિનાશી છે. એટલે નયવાદ તો વિનાશ થતો થતો જ આગળ જાય છે. અને છેલ્લામાં છેલ્લું આ સ્યાદ્‌વાદ હોવું સંભવે, કારણ કે એ હોવા સિવાય મોક્ષ ના થાય અને આ સ્યાદ્‌વાદ એ 'રિયલ-રિલેટિવ' છે. એટલે આની મુખ્ય જરૂર છે.

## સ્યાદ્‌વાદ જુદું અને અનેકાંત જુદું

સ્યાદ્‌વાદ એટલે શું ? આ ત્રણસો સાઠ ડિગ્રી છે, તે એવી વાણી બોલે કે કોઈ પણ ડિગ્રીનું પ્રમાણ ના દુભાય. આ દરેક ધર્મો છે તે ડિગ્રી ઉપર ઊભા રહ્યા છે. એ બધા પોતપોતાના દષ્ટિબિંદુ ઉપર ઊભા રહ્યા છે ને ત્યાંથી જુએ છે ને સામસામી કહે છે કે 'તમારું ખોટું છે.'

**પ્રશ્નકર્તા :** પણ સ્યાદ્‌વાદ તો એમ કહે છે કે બધા સાચા છે.

**દાદાશ્રી :** હા, સ્યાદ્‌વાદ કહે છે કે 'તમે બધા સાચા છો.' એટલે કોઈનું પ્રમાણ ના દુભાય.

**પ્રશ્નકર્તા :** પછી અનેકાંતવાદ ?

**દાદાશ્રી :** અનેકાંતવાદ એટલે એકાંતિક નહીં. અને એકાંતિકમાં તમે એક નક્કી કરો કે 'આટલું જ આપણું સત્ય, બીજું આપણું નહીં.' તે આગ્રહ સ્વરૂપ કહેવાય. તે એકાંતિક એટલે આગ્રહ કે 'અમારો ધર્મ આવો જ હોય.' સાંપ્રદાયિક એટલે પોતાનો વાડો બાંધ્યો કે આવું જ જોઈએ. તમે જે વાડો લઈને બેઠા એટલું જ તમારું બાંધેલું સત્ય છે. અને અનેકાંત એટલે બાંધેલું સત્ય નહીં, સર્વાંશ સત્ય. 'અમે તો આમ કરીએ, અમે આમ ના કરીએ' એ બધું એકાંતિક કહેવાય. ને અનેકાંત એટલે નિરાગ્રહી. અન્‌એકાંત ! તે આ એકાંતિક તો હઠાગ્રહી થઈ ગયા છે. જેટલા સંપ્રદાયવાળા છે એ પોતે કહે છે કે 'આપણો એકાંતિક મત છે. જે વાડો છે એ વાડાને અનુસરીને જ ચાલીશું.' અને ભગવાનનો અનેકાંત માર્ગ છે. કોઈ જગ્યાએ અભિનિવેશ ના કરે, કોઈ જગ્યાએ દષ્ટિરાગ ના કરે.

**પ્રશ્નકર્તા :** દ્રષ્ટિરાગ અને નિષ્પક્ષપાતમાં શું ફેર ?

**દાદાશ્રી :** દ્રષ્ટિરાગ એ વસ્તુ જુદી છે. દ્રષ્ટિરાગ તો એક જ જગ્યાએ, એક કોર્નર ઉપર એને લાગ્યું છે કે 'આ જ સત્ય છે અને આ જ ડિગ્રી સત્ય છે', ત્યાં આગળ એ ચોંટી રહ્યો છે, ત્યાંથી ખસતો નથી એને દ્રષ્ટિરાગ કહ્યો. અને નિષ્પક્ષપાતી એ તો વીતરાગતા છે. એક દહાડો નિષ્પક્ષપાતી થાય ને, એક કલાક નિષ્પક્ષપાતી થાય ને, તોયે હું કહું કે ભગવાન છે તું ! અરે ! એક મિનિટ જો નિષ્પક્ષપાતી થાય ને, તોય હું કહી દઉં, કે ભગવાન છે તું !

એટલે અનેકાંતવાદ તો કોઈ જગ્યાએ અટકી ના જાય. આ અનેકાંતનો તો બહુ સમજવા જેવો અર્થ છે. એટલે અનેકાંત અને સ્યાદ્વાદ એ બે શબ્દો સરખા નથી. સ્યાદ્વાદ જુદું છે, અનેકાંત જુદું છે.

અન્એકાંત એટલે, એકાંતિક નહીં એવું અન્એકાંત ! કેવો ભગવાનનો શબ્દ છે ને ! સ્યાદ્વાદ ! બધી ડિગ્રીથી, બધા વ્યૂ પૉઈન્ટથી વાત કરવી. એટલે સ્યાદ્વાદ વાણીને તો પ્રત્યક્ષ સરસ્વતી કહેવાય.

### વ્યવહારમાં સ્યાદ્વાદ-અનેકાંત

**પ્રશ્નકર્તા :** સ્યાદ્વાદ સિદ્ધાંતનો ઉપયોગ રિલેટિવમાં ખપમાં આવે ?

**દાદાશ્રી :** સ્યાદ્વાદ રિયલમાં હોય નહીં, એ બધું રિલેટિવમાં હોય.

**પ્રશ્નકર્તા :** તો સત્માં સ્યાદ્વાદ હોય નહીં, એ સાચું છે ?

**દાદાશ્રી :** સત્ એટલે રિયલ અને રિયલમાં સ્યાદ્વાદ ના જ હોય ને !

**પ્રશ્નકર્તા :** તો વ્યવહારની અંદર અનેકાંતવાદનો સમન્વય થાય ? થાય તો કેવી રીતે ?

**દાદાશ્રી :** તો નિશ્ચયમાં તો અનેકાંતવાદ છે જ ને, નિરાંતે. નિશ્ચય જે છે, એને તો વાદ જ નથી હોતો. એટલે આ તો વ્યવહારમાં જ અનુકૂળ થાય. એટલે બધા વાદ માત્ર જે છે, એ વ્યવહારમાં જ છે. એકાંતિકવાદેય વ્યવહારમાં છે અને અનેકાંતવાદેય વ્યવહારમાં છે. આગ્રહી વાણીય વ્યવહારમાં છે અને સ્યાદ્વાદ વાણીય વ્યવહારમાં છે. પણ સ્યાદ્વાદ વાણી એ છેલ્લી વાણી કહેવાય, ટોપમોસ્ટ વાણી કહેવાય. વાણીનું સરવૈયું આવી ગયું. અનેકાંત-એકાંતિકનું સરવૈયું આવી ગયું. એમ ડેવલપ થતું થતું એકાંતિકમાંથી ડેવલપ થાય.

**પ્રશ્નકર્તા :** રિલેટિવ માર્ગને એકાંત અને રિયલ માર્ગને અનેકાંત ગણી શકાય કે નહીં ?

**દાદાશ્રી :** રિયલ માર્ગને તો એકાંત કે અનેકાંત એ વસ્તુ જ નથી હોતી. રિયલ એટલે રિયલ. એમાં એકાંત કે અનેકાંત એવા વિશેષણ હોય જ નહીં. વિશેષણ બધું રિલેટિવને હોય. એટલે રિલેટિવમાં એકાંતિક અને અનેકાંત છે. રિલેટિવમાં જે લોકો આગ્રહી છે, કે 'અમારું સાચું.' એ આગ્રહ કરે છે, એ એકાંત કહેવાય. અને બધાના ધર્મને, બધાના સત્યને પકડે અને અનેકાંતની તરફ દ્રષ્ટિ જુએ, દુરાગ્રહ કરે નહીં, આગ્રહ કરે નહીં, ત્યારે એ અનેકાંત કહેવાય. કોઈ ધર્મનું પ્રમાણ સહેજે દુભાય નહીં, એવું હોય ત્યારે એ અનેકાંત કહેવાય. પણ એ રિલેટિવ છે, રિયલ નથી. રિયલમાં કોઈ વિશેષણ છે જ નહીં. રિલેટિવમાં વિશેષણ હોય, કારણ કે વાણી પોતે જ રિલેટિવ છે. વાણી રિયલ છે

જ નહીં. તે એકાંતિક અને અનેકાંત પણ વાણીને સ્પર્શીને છે.

## નહીં નિરાગ્રહીનોય આગ્રહ

અમે નિરાગ્રહી છીએ એવોય આગ્રહ નહીં, એનું નામ સ્યાદ્વાદ! નિરાગ્રહી થવું એ વીતરાગનો માર્ગ છે. જ્યાંથી-ત્યાંથી આગ્રહ છોડી દે. સત્યના આગ્રહને ભગવાને 'અજ્ઞાનતા' કહી. 'અમારા'માં આગ્રહ નામેય ના હોય ! અમને કોઈ પણ બાબતમાં સહેજ પણ ગ્રહ નહીં કે આગ્રહ નહીં, કે આમ જ ! એક સેકન્ડેય નહીં ને ! 'આ ખરું છે, આ સત્ય છે' એવોય અમારો આગ્રહ ના હોય. 'આ જ્ઞાન થયું છે,' એય આગ્રહ ના હોય. તમે કહો કે 'પેલું ખોટું છે', તોય આગ્રહ ના હોય. તે તમારી દ્રષ્ટિથી આવ્યું એ સાચું.

અમે આમ દેખાઈએ ભોળા, બાળક જેવા દેખાઈએ, પણ બહુ પાકાં હોઈએ. કોઈની જોડે અમે બેસી ના રહીએ, ચાલવા જ માંડીએ. અમે અમારો 'પ્રોગ્રેસ' (પ્રગતિ) ક્યાં છોડીએ ?

અમે એક વખત વિનંતી કરી જોઈએ. બાકી, અમે તો વાત છોડી દઈને આગળ ચાલવા માંડીએ. અમે તમને સમજ પાડીએ, પણ જો તમે તમારી પકડ પકડો તો અમે તરત છોડી દઈએ. અમે જાણીએ કે આમને દેખાતું નથી, તો આપણે ક્યાં સુધી બેસી રહીએ ? બેસી ના રહેવું જોઈએ ને ? કારણ કે એને આગળ દેખાતું જ નથી ને !

## સ્યાદ્વાદ ત્યાં નિષ્પક્ષતા

**પ્રશ્નકર્તા :** આપ એવું કહેતા હતા કે દુનિયાના તમામ ધર્મો અમને માન્ય છે, અમે એક્સેપ્ટ કરીએ છીએ. દુનિયાના તમામ સંપ્રદાયોના જ્ઞાનોને અમારું વિજ્ઞાન એક્સેપ્ટ કરે છે.

**દાદાશ્રી :** તે આપણે કહીએ જ છીએ ને ! એક્સેપ્ટ ના કરીએ ને ત્યારે તો આપણે 'ફકીર વસ્તીને ના ગણે ને વસ્તી ફકીરને ના ગણે' એવું પેલું ફકીર જેવું થઈ જાય. આ તો ભળતા રહીને આપણું વિજ્ઞાન સર્વશ્રેષ્ઠતા બતાવે છે.

હું અનેકાંત વાણી બોલું છું. એકાંતિક એટલે આ અમારું સાચું ને પેલાનું ખોટું. વીતરાગ વાણી જોઈએ. વીતરાગમાં કોઈ પણ ગચ્છ-મત ના હોય, કોઈ વાડા-વાડી ના હોય, બિનસંપ્રદાય હોય, અનેકાંત હોય. તે આ હું અનેકાંત વાણી બોલું છું. કોઈ ધર્મનું કિંચિત્‌માત્ર પ્રમાણ ન દુભાય એટલા માટે મારી પાસે સ્થાનકવાસી, શ્વેતાંબરી, દિગંબરી, વૈષ્ણવો, મુસ્લીમો, પારસી, બધા લોકો સાંભળવા આવે, અનેકાંત વાણી છે એટલે.

કોઈ પોતાના ધર્મની વાતો કરતો હોય, એ મીઠી મીઠી વાતો કરે તોય તમને સમજણ પડે ખરી કે આ સાચી છે કે આ ખોટી વાત છે એમ ? તરત સમજણ પડી જાય, નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, તરત.

**દાદાશ્રી :** હા, તરત સમજણ પડી જવી જોઈએ.

પક્ષપાતી વાણી તમે સાંભળેલી ખરી, કોઈ જગ્યાએ ? જે આપણને મતનો રંગ ચઢાવે એ બધી પક્ષપાતી વાણી. આ અમારું, આ અમારું...

જેમાં ફાંટા પડે, એને વીતરાગ ધર્મ ના કહેવાય. કારણ કે ભગવાનનો અનેકાંત ધર્મ છે અને સ્યાદ્વાદ ધર્મ છે. ભગવાનનો માર્ગ તો કોને કહેવાય કે જ્યાં પક્ષપાત ના હોય, નિષ્પક્ષપાત હોય. વેદાંતીઓ આવીને બેસે તો જૈનના આચાર્યનું સાંભળીને ખુશ થઈ જાય. આ

તો જો કદી એક સંપ્રદાયના આચાર્ય બોલે, તો બીજા સંપ્રદાયવાળા ઊઠીને ચાલતા થઈ જાય. એટલે એ વાણી તો કોઈ કોઈનું સાંભળે નહીં.

આ બહાર બધી પક્ષીય વાણી છે, તેથી જ તો સમકિત નથી થતું. આખુંય સમકિત અટક્યું છે. મનમાં કોઈ માનતા હોય કે મને સમકિત થશે તો એ ભૂલ છે.

એમની વાણી એકપક્ષી હોય, પક્ષપાતી હોય. એક પક્ષના સાધુ હોય અને બીજા પક્ષના સાધુ હોય તો બે બોલે ને, તે બેઉની પક્ષપાતી વાણી હોય. તે સામાને કડવું ઝેર જેવું લાગે. અમારે એવું ના હોય. ભગવાનની તો વાત જ કેવી હશે ત્યારે ? જો અમારું આટલું સરસ છે. બધા ભેગા થાય છે, તે મારો કોઈ વાંધો ઉઠાવતા નથી કે તમે પક્ષપાતી છો. તો ભગવાનનું કેવું હશે !

## સ્વરૂપ સ્યાદ્‌વાદનું...

**પ્રશ્નકર્તા :** હવે અંતમાં સ્યાદ્‌વાદનું સંક્ષિપ્તરૂપ સમજાવો.

**દાદાશ્રી :** સ્યાદ્‌વાદ એટલે જે વાણી કોઈ ધર્મને કિંચિત્‌માત્ર નુકસાન ના કરે એવી વાણી. આટલા બધા ધર્મો છે, એમાં કોઈ ધર્મને સહેજે હિંસા ના થાય. એથી વધારે ઊંડા ઊતરીએ તો કોઈ માણસના વિચારોનેય સહેજ પણ હિંસા ના થાય, એનું નામ સ્યાદ્‌વાદ વાણી. કોઈ ધર્મની નિંદા થાય, તે એમાં પછી પોતે સાચો ઠર્યો ને પેલાને ખોટો ઠરાવ્યો, એ સ્યાદ્‌વાદ ના હોય. સ્યાદ્‌વાદ વાણીમાં હિંસા ના હોય.

**પ્રશ્નકર્તા :** સ્યાદ્‌વાદમાં અહિંસાનું જ નિરૂપણ હોય કે બીજા કોઈ એંગલ (દૃષ્ટિકોણ) ખરા ?

**દાદાશ્રી :** ના, એ અહિંસાનું જ, બીજું કશું નહીં. અહિંસામાં કોઈ ચીજ એવી નથી કે ના આવે. અહિંસાનું વિવરણ તમે સમજો તો આ દુનિયામાં કોઈ ચીજ એવી નથી કે જે અહિંસામાં પેસતી ના હોય.

વાણી સ્યાદ્‌વાદને લાગુ થાય છે અને પ્રમાણ એ અનેકાંતને લાગે છે. કોઈ ડિગ્રીનું પ્રમાણ ન દુભાય, કોઈ ધર્મનું પ્રમાણ ન દુભાવું જોઈએ. આ અમે બોલીએ ને, પણ પ્રમાણ નહીં દુભાય અને પ્રમાણ દુભાય તો અમે માફી માગી લઈએ. પ્રમાણ દુભાવવું એ હોવું જ ના જોઈએ, એ હોવું ઘટે જ નહીં ને ! પ્રમાણ તો કેમ દુભાવવું જોઈએ ? પ્રમાણ દુભાવવા માટે આપણો માર્ગ નથી. કારણ કે એનું માનેલું, દરેકનું પ્રમાણ જુદું જુદું જ હોય અને કોઈ માંસાહાર ખાય, તેથી કંઈ અમારે એમાં એવું હાથ ઘલાય નહીં. અને કોઈ ફ્રૂટ ખાતો હોય ને કોઈ ફ્રૂટ ના ખાતો હોય, તોય અમારે એવું હાથ ઘલાય નહીં.

સ્યાદ્‌વાદ વાણી એટલે વીતરાગ વાણી, જેનાથી કોઈનું પ્રમાણ ના દુભાય. ભલે ને પછી કોઈ કસાઈ આવે. કસાઈ એ એના ધર્મમાં જ છે. દરેક પોતપોતાના ધર્મમાં જ છે. જે ભગવાનને નથી માનતો ને, તેય ધર્મમાં જ છે. ધર્મની બહાર તો એય નથી રહેતો ઘડીવાર. ધર્મ વગર તો મનુષ્ય અહીં જીવી શકે નહીં એક ક્ષણવાર. પણ જોડે અધર્મમાં હોય છે. પ્રમાણ અધર્મનું વધી જાય છે. આત્મા છે, તો ધર્મ હોવો જ ઘટે. એ છેવટે ભગવાનને ના માનતો હોય, મૂર્તિઓને ના માનતો હોય, લોક એને નાસ્તિક કહેતા હોય, છતાંય એ નીતિને માનતો હોય ને નીતિ તો ભગવાનની આજ્ઞા છે. એ મોટામાં મોટો ધર્મ કહેવાય. એટલે કંઈકનું કંઈ માનતો હોય. માન્યા વગર જીવાય જ નહીં ને ! એટલે આ બધું સારું કહેવાય.

કોઈ ધર્મનું કિંચિત્‌માત્ર પ્રમાણ ના દુભાય એટલે આદિવાસીઓ આવડો પથ્થર લઈને પૂજતા હોય અને એની શ્રદ્ધા ઉપર જો કદી તમે તરાપ મારો તોય સ્યાદ્‌વાદ વાણી નથી. દરેકની શ્રદ્ધાને જે વાણી એક્સેપ્ટ કરે, તે વાણીને સ્યાદ્‌વાદ કહેવાય.

સ્યાદ્‌વાદમાં વાત સીધી એને કામ લાગે એવી જ હોવી જોઈએ. તે અમારી વાણી સ્યાદ્‌વાદ હોય. તે દરેકને અનુકૂળ આવે. ગમે તે ધર્મ પાળતો હોય તોય અનુકૂળ આવે.

કો'કના ધર્મનું પ્રમાણ દુભાય ત્યારે એને દુઃખ થાય. બધા ધર્મોવાળા ભેગા થાય પણ કોઈનું પ્રમાણ ના દુભાય એવી વાણી બોલવી, તે આ સ્યાદ્‌વાદ વાણી બોલીએ ત્યારે અહીં બધા ધર્મના ભેગા થાય. ત્યારે હિંસા કોઈ ધર્મની સહેજેય ના થાય.

અહીં આગળ એક સાધુ આવે, તે કહે, 'ભઈ, અમારે તો ગુરુનું બહુ કામ નથી. અમે તો દેરાસર, મૂર્તિનું જ વધારે ધ્યાન રાખીશું.' તોય ભગવાન કહે કે 'એ એની દૃષ્ટિથી બરોબર છે.' ત્યારે એક જણ કહે કે 'ના ભઈ, અમને તો ગુરુ ઉપર જ મમતા છે, મૂર્તિ ઉપર બહુ મમતા નથી.' તોય ભગવાન કહે છે, 'બરોબર છે.' કોઈ માણસ આવ્યો, એ કહે છે, 'સાહેબ, હું તો તપ જ કરવાનો.' તોય ભગવાન કહે છે, 'બરાબર છે.' એનું નામ સ્યાદ્‌વાદ.

## સ્યાદ્‌વાદમાં કોઈ જોડે મતભેદ નહીં

સ્યાદ્‌વાદ એટલે ત્રણસો સાંઈઠ ડિગ્રી. આ બધા એક ડિગ્રીવાળા બીજી ડિગ્રીવાળાને ખોટો કહે છે, ધર્મવાળા. આ ત્રણસો સાઠ ડિગ્રીમાં બધા મનુષ્યોના ધર્મ આવી જાય છે. સેન્ટરમાં વસ્તુ છે. સેન્ટરની વસ્તુને માટે દરેકના વ્યૂ પોઈન્ટ જુદા જુદા છે. સેન્ટરમાં જોવાથી દરેકના વ્યૂ પોઈન્ટ જુદા જુદા થાય છે. એટલે લોકોને મતભેદ હોય છે જ સ્વાભાવિક રીતે. એકસો પચ્ચીસ ડિગ્રીવાળો ઉપર જોતો હોય, દોઢસોવાળો ઉપર જોતો હોય તો ડિફરન્સ પડે. એ સ્વાભાવિક જે ડિફરન્સ પડે, એ મતભેદેય તમારા સ્વાભાવિક છે, એવું હું કહું છું.

પણ સ્યાદ્‌વાદ એટલે શું ? જેને કોઈની જોડે મતભેદ નથી. બધા ધર્મને એક્સેપ્ટ કરે છે, બધી ડિગ્રીને એક્સેપ્ટ કરે છે.

અને પેલા તો સામાસામી, પેલો કહે, તારું ખોટું, અને પેલો કહે, તારું ખોટું. હું સેન્ટરમાં જઈને પાછો આવેલો છું, આ ત્રણસો છપ્પન ઉપર. એટલે મારે કોઈની સાથે મતભેદ આ જગતમાં છે જ નહીં. મને ગાળો ભાંડે, મારે, ગમે તે કરે, પણ મારે મતભેદ એની જોડે નથી. કારણ કે મારે મન જ નથી. મન હોય તો મતભેદ પડે.

અને મારું મન છે, એ કેવું છે ? મન તો ઠેઠ સુધી રહેવાનું મોક્ષે જતા સુધી. પણ મારું મન કેવું છે ? ક્ષણે ક્ષણે ફરનારું. કેવું ? ક્ષણે ક્ષણે ફર્યા કરે. અને તમારું મન કેવું હોય ? કોઈ જગ્યાએ જો ઝંપલાયું તો ત્યાં પા કલાક સુધી, અડધા કલાક સુધી ત્યાં ને ત્યાં ભમ્યા જ કરે છે. પેલી માખી ભમ્યા કરતી હોય ને ? માખી પેલા ગોળ ઉપર ભમ્યા કરે ને, એમ ભમ્યા કરે, કલાક-કલાક સુધી, બબ્બે કલાક સુધી ભમ્યા કરે અને અમારું કોઈ જગ્યાએ ભમે નહીં. અમારું મન ક્ષણવાદી હોય. અને મહાવીરનું મન એટલું બધું સૂક્ષ્મ હતું કે સમયવાદી હતું. કેવું હતું ? સમયવાદી. આ મારું ક્ષણવાદી હોય. એટલું જરા જાડું હોય. છેવટે તો પાતળું થયે જ છૂટકો છે.

**પ્રશ્નકર્તા :** પણ મન ના હોય એટલે મત પણ ના હોય ને ?

**દાદાશ્રી :** હા, મત જ ના હોય. અમને મત છે જ નહીં હવે. અમારું મન એવા સ્ટેજ ઉપર આવેલું છે, કે મત રહ્યો નથી. અમારો મત ને પેલો મત એવું કશું છે નહીં. હું આખા જાનવરો-બાનવરો બધાનામાં અમે એક જ જોઈએ છીએ, કે અમને બધે એ જ દેખાય છે, મુખ્ય વસ્તુ. અને બીજી વસ્તુ સાથે અમારે કંઈ એ નથી. અને અમે તો બને ત્યાં સુધી બીજી વસ્તુને હેલ્પફૂલ થઈએ.

### સેન્ટરમાં આવેલાને સમજાય સ્યાદ્‌વાદ

**પ્રશ્નકર્તા :** આ બેન પારસી છે અને એમ.એ.માં જૈનિઝમમાં સબ્જેક્ટ હોય ને બધા, એમાં થિસીસ લખવા પડે ને, એમાં સ્યાદ્‌વાદ અને સાંખ્ય બેમાં થિસીસ લખીને ફર્સ્ટ ક્લાસમાં પાસ થયેલા છે.

**દાદાશ્રી :** એ સ્યાદ્‌વાદ સ્ટડી કરે ને, તો સ્ટડી કરાવનાર તો હજુ અહીં સાબૂત છે ને લોકો. બહેને તો સ્ટડી કરી છે, પણ એના ઉપર સ્ટડી કરાવનારા ગુરુ છે ને ? એ સ્યાદ્‌વાદ શું છે એનું જગતને ભાન જ નથી. આ તો તેનો પડછાયો છે. આ જે બહાર આપવામાં આવે છે ને, એ તો પડછાયો છે. સ્યાદ્‌વાદ તો અજબ વસ્તુ છે. નહીં તો આ બહેનને એના ગુરુએ શીખવાડ્યું તો ગુરુ જાણતા જ હશે ને સ્યાદ્‌વાદ ? એનો કોઈ ગુરુ તો હશે ને ? તે ગુરુને ગુરુ ખરા કે નહીં બધા ? સ્યાદ્‌વાદ પુસ્તકમાં ઊતરે એવું જ નથી.

**પ્રશ્નકર્તા :** સ્યાદ્‌વાદ અમાપ છે, અસીમ છે.

**દાદાશ્રી :** હા, આ સ્થૂળમાં છે. આપણે કબૂલ કરીએ કે સ્થૂળ ભાષામાં છે. સૂક્ષ્મ, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ, જે ભગવાનનું કહેલું સૂક્ષ્મતમ એ અજબ વસ્તુ છે સ્યાદ્‌વાદ. સ્થૂળ રીતે સ્યાદ્‌વાદ શું છે એ હું તમને કહું કે આ થ્રી હંડ્રેડ એન્ડ સિક્સ્ટી ડિગ્રીમાં આખું વર્લ્ડ વ્યૂ પોઈન્ટમાં છે. આ ફોરેનવાળા વન હંડ્રેડ એન્ડ ટ્વેન્ટી ફાઈવ ડિગ્રી ઉપર છે, તો મુસ્લિમો વન ફિફ્ટી ઉપર છે. તો બીજા આગળ છે તે પોણી બસ્સો ઉપર છે, કોઈ બસ્સો ઉપર છે, હિન્દુઓ સવા બસ્સો ઉપર છે, જૈનો અઢીસો ઉપર છે. એમ બધા પોતપોતાની ડિગ્રી ઉપર છે. અને ડિગ્રી ઉપર છે એટલે મતભેદ છે. જ્યારે સેન્ટરમાં આવે ત્યારે બધી જ ડિગ્રી જોડે કોઈ મતભેદ ન રહે અને બધી ડિગ્રીવાળાને સમજે.

**પ્રશ્નકર્તા :** ડિગ્રીમાં જ એનું જે પોતાનું સર્કલ છે, એ જો સેન્ટર સમજી જાય તો પછી એને કંઈ રહેતું નથી પછી.

**દાદાશ્રી :** સેન્ટર સમજી જાય, સેન્ટર શું છે, એ સમજી ગયો પછી રહ્યું જ નહીં. એટલે સેન્ટર સમજે ક્યારે ? ડિગ્રીઓ પસાર કરતો કરતો આવે તો જ સેન્ટર સમજી જાય. અગર તો કોઈ માણસે પસાર ના કર્યું હોય, બસ્સો સિત્તેર ડિગ્રી ઉપર આવ્યો માણસ, ત્રણસો સાંઈઠ પૂરી થઈ નથી અને જો જ્ઞાની પુરુષ મળે તો એ જ્ઞાની પુરુષને કહે કે મને આ સેન્ટરનું દૃષ્ટિબિંદુ દેખાડી દો, તો જ્ઞાની પુરુષ દેખાડી દે. બાકી નહીં તો પોતાની જાતે આવવું પડે. જ્ઞાની પુરુષ મળ્યા, તેથી આ લિફ્ટ માર્ગ કહ્યો છે ને !

**પ્રશ્નકર્તા :** ટૂંકમાં એવું કહેવું છે કે સેન્ટર સિવાય સર્કલ બને નહીં.

**દાદાશ્રી :** હા, સેન્ટર સિવાય સર્કલ બને નહીં.

'વ્યૂ પૉઈન્ટ'માં રહેવું, 'વ્યૂ પૉઈન્ટ' સાથે 'એડજસ્ટ' થવું અને સેન્ટરમાં રહેવું, એ બહુ ભારે વસ્તુ છે.

## સ્યાદ્વાદમાં એક છતાં જુદા

**પ્રશ્નકર્તા :** સ્યાદ્વાદ એટલે એકમાં ને એકમાં રહેવું અને જુદા જુદા ભાવે રહેવું એ સમજાવો.

**દાદાશ્રી :** હા, સ્યાદ્વાદ કોનું નામ કહેવાય કે એકમાં ને એકમાં રહેવું અને જુદા જુદા ભાવે રહેવું. હા, રહેવું એકમાં ને એકમાં, એટલે હોમ ડિપાર્ટમેન્ટમાં રહેવું અને જુદા જુદા ભાવમાં લાઈટ કરવી (વ્યૂ પૉઈન્ટને એડજસ્ટ થવું).

ફોરેનમાં નહીં રહેવું. તમે હોમ ડિપાર્ટમેન્ટમાં કોઈ દહાડો ગયેલા ? ક્યારે ગયેલા ?

**પ્રશ્નકર્તા :** દરરોજ જઈએ છીએ !

**દાદાશ્રી :** ના, આ તમે ફોરેન ડિપાર્ટમેન્ટ એને હોમ માનો છો. હોમ તો હજુ ડિપાર્ટમેન્ટ જોયું જ નથી. જો હોમ ડિપાર્ટમેન્ટ તમારું પ્રાપ્ત થઈ જાય તો ફોરેન ફોરેન રહે. આ તો ફોરેનનું જ કલ્યાણ કરો છો ને તમે જાણો કે મારું કલ્યાણ થઈ ગયું !

પોતાના સ્વરૂપમાં રહેવું અને બીજી ડીગ્રીઓવાળાને એક્સેપ્ટ કરવું આપણે. ગમે તે ધર્મવાળો હોય તો એના વ્યુ પોઈન્ટને આપણે એક્સેપ્ટ કરવો જોઈએ, કે એ એના વ્યુ પોઈન્ટથી, એની દૃષ્ટિએ બરોબર છે. આપણે આપણા હિસાબથી બરોબર છીએ, પણ આ એમના હિસાબથી બરાબર છે. પોતાના ભાવમાં રહીને બધા ભાવોમાં આપણે રહેવું જોઈએ. એટલે કોઈને ખોટું છે એવું થાય નહીં, ક્યારેય. સ્યાદ્વાદ એટલે દરેકનું પોતપોતાના વ્યુ પોઈન્ટથી બરોબર જ છે, એવું આપણે કહેવા માંગીએ છીએ. પોતાનું બરોબર છે એમ જાણે પણ પોતાનું બરોબર છે માટે સામાનું ખોટું છે. એ વાત ચોક્કસ છે પણ તે ખોટું ઠરાવીએ તો એને દુઃખ થાય છે એ પણ ચોક્કસ છે. કોઈને દુઃખી કરવું એ ધર્મ જ ના કહેવાય, એ પણ ચોક્કસ છે. માટે એ બધું આવરી લેવામાં આવેલું છે આ. કોઈને કશી અડચણ ના પડે એવો આ સ્યાદ્વાદ માર્ગ છે.

આપણે અહીં બધા ધર્મના લોક ભેગા થાય, પણ હું બોલું તો કોઈનેય પક્ષપાતી ના લાગે. કારણ કે મારા વિચારો જ પક્ષપાતી નથી ત્યાં. કોઈ ગચ્છમાં પેઠેલો હોઉં તો હું પક્ષપાતી થઈ ગયેલો હોઉં. એટલે કે કોઈ એક ધર્મવાળા સાધુ કંઈ વાતચીત કરતા હોય ને જો બીજા ધર્મવાળા સાધુ ત્યાં આગળ આવે તો એને કષાય ચઢે કે આ વળી પાછો ક્યાં પેસી ગયો ? અને એ વાતચીત કરે, તેય સહુ સહુના પક્ષની જ વાતો કરે. એટલે આપણને ખબર પડી જાય કે આ અમુક ધર્મવાળા છે, આ અમુક ધર્મવાળા છે. એવી આપણને ખબર હઉ પડી જાય કે કઈ દુકાનો છે ! અને સ્યાદ્વાદ એટલે અમારી કોઈ દુકાન નહીં, 'બધું' તે અમારું અને નિશ્ચયથી, 'અમારું' તે અમારું.

બહુ સુંદર વાતો છે આ. ભગવાનની વાત તો બહુ ઊંડી અને ઝીણી, સમજવા જેવી છે. અમારી વાત તો સમજણ પડતાં વાર લાગે એવું છે. પણ જો સમજ્યા તો કામ નીકળી જાય.

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના ઓનલાઈન સત્સંગ કાર્યક્રમો - ઈન્ટરનેટ દ્વારા લાઈવ

**૧૧ થી ૧૫ ઓગષ્ટ** સમયની જાહેરાત બાકી - **PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર**

**૨૨ ઓગષ્ટ** (રવિ) સવારે ૧૦ થી ૧૧ - **રક્ષાબંધન નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૩૦ ઓગષ્ટ** (સોમ) રાત્રે ૧૦ થી ૧૨-૩૦ - **જન્માષ્ટમી નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

### પર્યુષણ પારાયણ - વર્ષ ૨૦૨૧

**૪ થી ૧૨ સપ્ટેમ્બર : આપ્તવાણી ૧૪ ભાગ-૨** ગ્રંથ પર **સત્સંગ પારાયણ**

**નોંધ :** - **આપ્તવાણી ૧૪ ભાગ-૨ પેજ નં ૨૪૧થી વાંચન,** 'યોજના આવે રૂપકમાં...' હેડિંગથી.
- આ પારાયણ પર્યુષણ પર્વના એક્ઝેક્ટ દિવસો મુજબ નથી તેની નોંધ લેશો.
- આ કાર્યક્રમો ઓનલાઈન લાઈવ વેબકાસ્ટ દ્વારા જોવાના રહેશે. શિબિરની રૂપરેખા અંગેની વધુ વિગત આપને Akonnect દ્વારા નજીકના સમયમાં આપવામાં આવશે.

**ઉપરોક્ત શિબિરના સત્સંગો આપ નીચેના માધ્યમો દ્વારા ઘેર બેઠા સાંભળી શકશો :**

- **મોબાઈલમાં** AKonnect, Dadabhagwan **એપ દ્વારા**
- **વેબસાઈટ** dadabhagwan.tv **દ્વારા**
- **દાદા ભગવાન ફાઉન્ડેશનની** YouTube **ચેનલ દ્વારા**

---

### દાદાવાણીના વાર્ષિક/૧૫ વર્ષના મેગેઝિનના સભ્યો માટે સૂચના

આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપને ત્યાં આવેલ દાદાવાણીના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. DGFT555/08-2028 એટલે તમારું લવાજમ ઓગષ્ટ-૨૦૨૮માં પૂરું થાય છે.

---

### દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાં આવશે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫; **U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706



# પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર



## ભારત

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯ થી ૧૦
- **'અરિહંત'** ચેનલ પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- **'સ્વરશ્રી'** પર દરરોજ સવારે ૧૧-૩૦ થી ૧૨ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8, रात 8-30 से 9-30 **( हिन्दी में )**
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 **( हिन्दी में )**
- **'उड़ीसा प्लस'** पर हर रोज़ सुबह 7-30 से 8 **( हिन्दी में - केवल उड़ीसा राज्य में )**
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-30 **( मराठी में )**
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 **( कन्नड़ा में )**

## USA - Canada

- 'TV Asia'- પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST

## U K

- **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 GMT (हिन्दी में)
- **'વીનસ'** ટીવી પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT

## Australia

- **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

## Fiji - NZ - Singapore - SA - UAE

- **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

## USA - UK - Africa - Australia

- **'આસ્થા ગ્લોબલ'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦
  (ડિશ ટીવી ચેનલ **UK-૮૪૯**, **USA-૭૧૯**) (ગુજરાતી અને હિન્દીમાં)

ઓગસ્ટ ૨૦૨૧
વર્ષ-૨૬, અંક-૧૨
સળંગ અંક-૩૧૨

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## વીતરાગ માર્ગ સ્યાદ્વાદ અને અનેકાંત હોય

એકાંતિક તો બધું આખું જગત સમજે છે પણ 'અનેકાંત' નથી સમજ્યા. શુભ 'એકાંતિક' કહેવાય, જ્યારે શુદ્ધ 'અનેકાંત' કહેવાય. અનેકાંત એટલે આગ્રહ નહીં, દરેક સત્યને સ્વીકારે. અનેકાંતથી મોક્ષ. પોતાના દ્રષ્ટિબિંદુના આધારે ચાલ્યા, પોતપોતાના દ્રષ્ટિબિંદુને સાચું ઠેરવવું, એને એકાંતિક કહેવાય. વીતરાગ ધર્મ 'અનેકાંત' કહેવાય. બધાં જ દ્રષ્ટિબિંદુઓને પોતે સમાવી લે, એનું નામ વીતરાગ ધર્મ ! અને 'સ્યાદ્વાદ' જ્યારે સમજે, ત્યાર પછી મોક્ષમાર્ગ હાથમાં આવે. સ્યાદ્વાદ એટલે કોઈ પણ ધર્મનું પ્રમાણ ના દુભવે. કોઈ પણ ધર્મની 'ડીરેક્ટ' ભૂલ ના દેખાડે. સાપેક્ષ-નિરપેક્ષ બન્નેને 'એક્સેપ્ટ' કરે, તેનું નામ સ્યાદ્વાદ. વીતરાગ માર્ગ અનેકાંત, સ્યાદ્વાદ હોય.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.